RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

## NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk
*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)
*Volume : 6 * Issue No. 154* Date: 02.04.2020 * Thurssday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### અમદાવાદમાં ૨૪ કલાકમાં આઠ કેસ સામે આવતા તંત્રમાં દોડધામ

# અમદાવાદ કોરોનાનું એપી સેન્ટર: સૌથી વધુ ૩૧ પોઝિટિવ કેસ

*ગાંધીનગર,તા.૧*

કોરોના મહામારીમાં ગુજરાતમાં અંદાજે ૬૦ લાખની વસ્તી ધરાવનાર અમદાવાદમાં રોજેરોજ પોઝીટીવ કેસો વધતાં અને આજે પણ વધુ ૮ કેસો એકસાથે બહાર આવતાં અને તે તમામ અમદાવાદના હોવાથી અમદાવાદ હવે કોરોના વાઈરસનું એપિસેન્ટર બની રહ્યું હોવાનું ચિત્ર ઉપસી રહ્યું છે. તે સાથે અમદાવાદમાં પોઝીટીવ કેસોની સંખ્યા વધીને ૩૧ પર પહોંચી ગઇ છે. જે એક ચેતવણી સમાન અને ખતરે કી ઘંટી સમાન પણ કહી શકાય. રાજ્યમાં આજે ૮ કોરોના પોઝિટિવ કેસ નોંધાયા હતા. તમામે તમામ કેસો અમદાવાદના છે. આ સાથે જ અમદાવાદ કોરોના વાઈરસનું હોટસ્પોટ બન્યું છે. ગુજરાતમાં કેસોની સંખ્યા પણ વધીને ૮૨ થઇ ગઇ છે. રેશનિંગની દુકાનોમાં રોગને અટકાવવા સોશ્યલ ડિસ્ટીંગનો આજે મોટા પાયે ભંગ પણ જોવા મળ્યો હતો.

આરોગ્ય વિભાગના અગ્ર સચિવ ડો. જયંતિ રવિએ આજે ગાંધીનગર ખાતે બુધવારેરૂટીન મિડિયા બ્રિફિંગમાં પત્રકારોને કોરોના વાઈરસને પગલે રાજ્યમાં ચાલી રહેલી કામગીરી અને નવા કેસો વગેરે.ની માહિતી આપવામાં આવી હતી.જેમાં તેમણે કહ્યું કે,



અમદાવાદમાં આજના જે ૮ કેસ બહાર આવ્યાં છે તેમાં ૪ આંતર રાજ્યના,૩ લોકલ ટ્રાન્સમિશનના અને એક વિદેશી દર્દી છે. એક જ દિવસમાં ૮ પોઝિટિવ કેસો સામે આવ્યા છે. જે ચિંતાજનક કહી શકાય. તે સાથે ગુજરાતમાં ૮૨ પર કોરોના પોઝિટિવ કેસ પહોંચ્યા છે.

આ સાથે કુલ જે પોઝિટિવ કેસ ૮૨ થયા છે. જેમાં ૬૭ કેસમાં દર્દોની સ્થિતિ સ્ટેબલ છે, ૦૩ દર્દીઓ વેન્ટિલેટર પર છે અને ૬ દર્દીઓ સાજા થઇ જતાં તેમને રજા આપવામાં આવી છે. જો કે રાહતરૂપ એ બાબત છે કે રાજ્યમાં કોરોનાથી મરનારાઓની સંખ્યા ૬ પર જ સ્થિર છે. સરકાર માટે તે એક સંતોષજનક બાબત પણ કહી શકાય.

રાજ્યના આરોગ્ય સચિવે લેટેસ્ટ આંકડા વિશે માહિતી આપતા જણાવ્યું કે, ગુજરાત રાજ્યમાં ૧ એપ્રિલના રોજ નવા ૮ પોઝિટિવ કેસ સામે આવ્યા અને બધા જ અમદાવાદના છે. જેમાં એક ૫૨ વર્ષના પુરુષ તેમની આંતર રાજ્ય પ્રવાસ કર્યો હતો. બીજા એક ૧૮ વર્ષના યુવાન છે, જેઓએ આંતર રાજ્ય પ્રવાસ કર્યો હતો. એક ૪૫ વર્ષના મહિલા છે, જેઓએ પણ આંતર રાજ્ય પ્રવાસ કર્યો હતો. ચોથા દર્દી ૬૫ વર્ષની મહિલા છે, જેઓએ લોકલ ટ્રાન્સપોર્ટ કર્યો હતો. ૬૧ વર્ષના એક દર્દીએ આંતરરાજ્ય પ્રવાલસ કર્યો હતો. તો અન્ય એક ૬૪ વર્ષના પુરુષે વિદેશ પ્રવાસ કર્યો છે. આ તમામનો કેસ પોઝિટિવ આવ્યો છે. આમ, ગુજરાતમાં કુલ પોઝિટિવ કેસ ૮૨ થયા છે.

તેમણે જણાવ્યું હતું કે, ગુજરાતમાં કુલ મૃતકોનો આંકડો વધ્યો નથી. મૃતકોની સંખ્યા ૬ છે. કોઈને પણ કોરોના જેવા લક્ષણ હોય તો ૧૦૪ નંબર ઉપર ફોન કરવા અપીલ કરવામાં આવી છે. વિદેશ ટ્રાવેલ કરીને આવ્યા હોય એમના કોન્ટેક્ટમાં હોય તો પણ આ હેલ્પ લાઇન નંબર ઉપર માહિતી આપવા અપીલ છે. હાલ વેન્ટિલેટર ટ્રેનિંગ પ્રોગ્રામ શરુ કરવાની રાજયના આરોગ્ય વિભાગને ફરજ પડી છે. મેડીકલ અને પેરામેડીકલ સ્ટાફને ટ્રેનિંગ આપવામાં આવશે.

અમદાવાદ, રાજકોટ સહિત આ ટ્રેનિંગ પ્રોગ્રામ ચાલશે. વેન્ટિલેટર માટે ૩૦૦૦ ઓપરેટર જોઈએ છે. હેલ્પ લાઇન નંબર ૧૧૦૦ પર ૩૬૬ જેટલા કોલ આવ્યા હતા. મોટાભાગના કોલ મેન્ટલ હેલ્થ સાથે જોડાયેલા પ્રશ્નના આવ્યા છે. ૧૭૩ કોલ શારીરિક તકલીફ સંદર્ભે આવ્યા છે. રાજ્ય માટે ઌ૯૫ માસ્ક સહિત ૭૫ લાખ માસ્કનો ઓર્ડર આપવામાં આવ્યો છે. હાલ રાજ્યમાં દવાનો જથ્થો પણ પર્યાપ્ત માત્રામાં ઉપલબ્ધ છે.

કોરોનાને કારણે કટેલા લોકો આઈસોલેટ થયાં છે કે પોતાને અલગ કર્યા છે તેની માહિતી પર નજર નાંખીએ તો, રાજ્યમાં ક્વૉરન્ટીનની સંખ્યા ૧૯૨૦૬ છે. જેમાંથી ૧૮૪૮૭ હોમ ક્વૉરન્ટીનમાં છે. ૭૪૩ સરકારી ક્વૉરન્ટીન અને ૨૫૩ ખાનગી સુવિધામાં ક્વૉરન્ટીન છે. રાજ્યમાં કુલ ૧૫૮૬ લેબોરેટરી ટેસ્ટ કરવામાં આવ્યા છે. જેમાંથી ૮૨ પોઝિટિવ, ૧૫૦૧ નેગેટિવ આવ્યા છે. જ્યારે ૩ ટેસ્ટ પેન્ડિંગ છે.

### બંગાળમાં બેનાં મોત,મહારાષ્ટ્રમાં કોરોનાના ૩૦૦થી વધુ કેસ

# ભારતમાં કોરોનાનો વધતો કહેર: ૫૨ના મોત,૧૭૦૦થી વધુ સંક્રમિત

*ન્યુ દિલ્હી,તા.૧*

સમગ્ર દેશમાં લોકડાઉનની સ્થિતિ વચ્ચે કોરોનાનું સંકટ વધી રહ્યુ છે. અને ત્રણ લોકોના વધુ મોત થતા દેશમાં કુલ મૃત્યુઆંક ૫૨ સુધી પહોંચી ગયો છે. જ્યારે આજે આંધ્રપ્રદેશમાં સૌથી વધુ ૪૩ નવા કેસ નોંધાયા છે. મહારાષ્ટ્રમાં ૨૩ નવા કેસ સાથે રાજ્યમાં કુલ ૩૨૫ પોઝીટીવ કેસ થયા છે. જયારે દિલ્હીમાં કોરોનાના કુલ કેસ ૧૨૧ થયા છે. ભારતમાં કોરોના વાયરસના કેસની સંખ્યા વધી રહી છે. આજે બુધવારે ભારતમાં કોરોના વાયરસના સંક્રમણનો આંકડો વધીને ૧૭૧૮ પર પહોંચ્યો છે. અસમમાં કોરોનાનો એક પોઝિટીવ કેસ નોંધાયો છે. આસામના કરીમગંજ જિલ્લાના સ્થાનિક ૫૨ વર્ષના વ્યક્તિમાં કોરોના સંક્રમણ જોવા મળ્યુ. દિલ્હીના સરકારી હોસ્પિટલના એક ડોક્ટર કોરોના પોઝિટિવ મળી આવ્યા છે.કોરોના પોઝિટિવમાંથી ૧૩૩ લોકો સ્વસ્થ થઇ ચૂક્યા છે. સ્વાસ્થ્ય મંત્રાલયે બુધવારે સવારે આ આંકડા જારી કર્યા છે. ગત ૨૪ કલાકમાં જ કોરોના વાયરસના ૨૪૦ નવા કેસ સામે આવ્યા છે. પશ્ચિમ બંગાળમાં કોરોનાથી ગત ૨૪ કલાકમાં જ બે કોરોના ગ્રસ્ત વ્યક્તિનું મોત થયું છે. આમ પ.બંગાળમાં કોરોનાથી અત્યાર સુધીમાં ૬ લોકોના મોત થઇ ચૂક્યા છે. કોરોનાના સંક્રમણના કારણે ઈન્દોરમાં ૬૫ વર્ષીય વ્યક્તિનું નિધન થયું છે.

દિલ્હી, મહારાષ્ટ્ર અને તામિલનાડુમાં કોરોના સંક્રમિત લોકોની સંખ્યા ઝડપથી વધી છે. મંગળવારે મહારાષ્ટ્રમાં કોવિડ-૧૯ ના ૭૨ નવા કેસ નોંધાયા છે, ત્યારબાદ રાજયમાં ચેપગ્રસ્ત લોકોની કુલ સંખ્યા ૩૦૨ પર પહોંચી ગઈ છે. કેરળમાં આજે કોરોના વાયરસના સાત નવા કેસ નોંધાયા છે. જે બાદ અહીં ચેપગ્રસ્ત લોકોની સંખ્યા વધીને ૨૪૧ થઈ ગઈ છે. આજે તમિળનાડુમાં ૫૫ નવા કેસ છે. આમાંથી ૫૦ એવા લોકો છે કે જેમણે દિલ્હીમાં નિઝામુદ્દીન મરકજ સંમેલનમાં ભાગ લીધો હતો. રાજ્યમાં કોરોના વાયરસથી સંક્રમિત લોકોની સંખ્યા વધીને ૧૨૪ થઈ ગઈ છે.

મધ્યપ્રદેશમાં કોરોના વાયરસના નવા ૨૦ કેસ સામે આવ્યા છે. જેમા ઈન્દોરમાં ૧૯ અને એક ખરગોનમાં નોંધાયા છે. ચિંતાજનક બાબત છે કે ઈન્દોરથી જે મામલા સામે આવ્યા છે જેમાંથી ૯ એક જ પરિવારમાં નોંધાયા છે. અધિકારીઓએ જણાવ્યું કે ઈન્દોરના તંજીમ નગરમાં રહેતા પરિવારના ૩ બાળકો કોરોના પોઝિટિવ જોવા મળ્યા છે. આ બાળકોની ઉંમર ૩ વર્ષ, ૫ વર્ષ અને ૮ વર્ષ છે.

### અમેરિકામાં સૌથી વધુ ૧.૮૦ લાખ લોકો સંક્રમિત,કુલ મૃત્યુઆંક ૪ હજારને પાર

# કોરોનાનો કહેર: અમેરિકામાં એક જ દિવસમાં ૭૭૦ લોકોના મોત થયા

વોશિંગ્ટન,તા.૧

દુનિયાભરમાં કોરોના વાયરસના આઠ લાખ ૫૮ હજારથી વધારે લોકો સંક્રમિત થઈ ગયા છે. અત્યાર સુધી ૪૨,૧૪૦ લોકોના મોત થઈ ગયા છે અને ૧,૮૦,૧૪૧ વ્યક્તિ સ્વસ્થ થઈ ગયા છે. ત્યાંજ અમેરિકામાં એક જ દિવસમાં ૭૭૦ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે. અમેરિકામાં કોરોનાને કારણે ૪૦૦૦થી વધુ લોકોના મોત થયા છે. રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે મંગળવારે જણાવ્યું કે, અમેરિકાના લોકો માટે આગામી બે અઠવાડિયા ખૂબ જ મુશ્કેલી ભર્યા હશે. ત્યારબાદ સ્થિતિ સામાન્ય થઈ જશે.



ડોનાલ્ડ ટ્રમ્પ સરકારે હવે સક્રિયતા દાખવતા ૧૯ દિવસ પહેલા જાહેર કરેલી ગાઈડલાઈન્સને ૩૦ દિવસ વધારી દીધી છે. સરકારને ડર છે કે, આ ખતરનાક વાયરસની ઝપટમાં આવવાથી દેશમાં ૧ થી ૨.૪ લાખ લોકોના મોત થઈ શકે છે.

કોરોના પર સંયુક્ત રાષ્ટ્ર (યુએન)ના પ્રમુખ એન્ટોનિયો ગુટરેસે જણાવ્યું હતું કે, કોરોના વાયરસ દુનિયાની સામે બીજા વિશ્વ યુદ્ધ બાદ સૌથી મોટો પડકાર છે. મહામારીને રોકવા માટે દુનિયાભરના દેશોએ વધારે મજબૂત અને અસરકારક પગલા લેવાની જરૂર છે. કોરોનાને કારણે સામાજીક અને આર્થિક તબાહી થઈ છે. અમે યુએનના ૭૫ વર્ષના ઈતિહાસમાં પહેલી વખત સૌથી મોટી વૈશ્વિક સ્વાસ્થ્ય સંકટનો સામનો કરી રહ્યા છીએ.

ટ્રમ્પે વ્હાઈટ હાઉસમાં ડેઈલી બ્રીફિંગ દરમિયાન કહ્યું હતું કે, હું ઈચ્છું છું કે આવાનર મુશ્કેલ દિવસો માટે દરેક અમેરિકન તૈયાર રહે. દેશ માટે પરીક્ષાની ઘડી છે. પહેલા આપણે આ પ્રકારના કોઈ સંકટનો સામનો નથી કર્યો. સંક્રમિતોની સંખ્યાને ઘટાડવા માટે આપણે તેઓ પ્રત્યે એકતા અને પ્રેમભાવ બતાવવાની જરૂર છે. આ જીવન અને મોતનો સવાલ છે. દેશમાં એક મહિનો સોશિયલ ડેસ્ટેંસિંગ રાખવાનું કહેવામાં આવી શકે છે. વ્હાઈટ હાઉસના અધિકારી ડેબોરાહ બીરક્સે મંગળવાર કહ્યુ હતું કે આપણા દેશમાં કોરોનાથી મરનાર લોકોની સંખ્યા બે લાખ સુધી પહોંચી શકે છે. અમને વિશ્વાસ અને આશા છે કે આ બીમારી સામે લડવા માટે દરેક દિવસે સારી રીતે લડીશું.

### નિફ્ટી ૪ ટકા ગબડીને ૮૨૫૩ નજીક સેટલ

# શેરબજારમાં કડાકો: સેન્સેક્સ ૧૨૦૦ અંક તૂટી ૨૮૨૬૫ની સપાટીએ

*મુંબઈ,તા.૧*

મંગળવારે વેચવાલીને પગલે દિવસભરની વધઘટ બાદ અંતિમ સેશનમાં ભારતીય શેર માર્કેટ ગગડીને સેટલ થયા છે. બીએસઈ બેંચમાર્ક ઈન્ડેક્સ સેન્સેક્સ ૧,૨૦૩ પોઈન્ટ અથવા ૪.૦૮ ટકા પટકાઈને ૨૮,૨૬૫ નજીક સેટલ થયો છે. જ્યારે નિફ્ટી ૫૦ આંક પણ ૩૪૩ પોઈન્ટ અથવા ૪ ટકા ગગડીને ૮,૨૫૩ નજીક સેટલ થયો છે.ઉપરાંત, બેંક નિફ્ટની વાત કરીએ તો ઈન્ડેક્સ અંતિમ સેશનમાં ૯૩૫ પોઈન્ટ પટકાઈને ૧૮,૨૦૮ નજીક બંધ આવ્યો છે. જ્યારે બીએસઈ પર મીડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સ અનુક્રમે ૨.૧૮ ટકા અને ૧.૦૬ ટકા ઘટીને સેટલ થયા છે. બીએસઈ પર લગભગ તમામ સેક્ટર્સમાં આજે મંદ વલણ જોવા મળ્યું છે. આ સાથે નવા નાણાકીય વર્ષના પહેલા જ દિવસે માર્કેટ પર કોરોનાની કાળી છાયા દેખાઈ છે.



ગ્લોબલ માર્કેટની વાત કરીએ તો એશિયન માર્કેટમાં પણ અંતિમ સેશનમાં કડાકો જોવા મળ્યો. જાપાન નિક્કી ૪.૫ ટકા ગગડીને સેટલ થયો. જ્યારે સિંગાપોર શેર માર્કેટ અને હોંગકોંગનો હેંગસેંગ ૨-૨ ટકાથી વધુ જ્યારે દક્ષિણ કોરિયાનો કોસ્પી ૩ ટકાથી વધુના કડાકા સાથે સેટલ થયા. ચીનનો શંઘાઈ કંપોઝિટ અને ઈન્ડોનેશિયાના જકાર્તા શેર માર્કેટમાં મંદ વલણ જોવા મળ્યું.

મંગળવારે અમેરિકાના બજારોની સાથે વિશ્વભરના ઘણા બજારોમાં ઘટાડો જોવા મળ્યો. ડાઉ જોન્સ ૧.૮૪ ટકા ઘટાડાની સાથે ૪૧૦.૩૨ અંક ઘટીને ૨૧૯૧૭.૨૦ પર બંધ થયો હતો. જ્યારે અમેરિકાના બીજા બજાર નેસ્ડેક ૦.૯૫ ટકા ઘટાડાની સાથે ૭૪.૦૫ અંક નીચે ૭,૭૦૦.૧૦ પર બંધ થયો હતો. બીજી તરફ એસએન્ડપી ૧.૫૦ ટકા ઘટાડાની સાથે ૪૨.૦૬ અંક ઘટીને ૨૫૮૪.૫૯ પર બંધ થયો હતો. જોકે ફ્રાન્સની ઝછઝ ૪૦૦.૪૦ ટકા વધારાની સાથે ૪,૩૯૬.૧૨ અંક પર બંધ થયો હતો. જ્યારે ચીનનો શંઘાઈ કમ્પોઝિટ ૧૯.૭૪ અંકની તેજીની સાથે ૨,૭૭૦.૦૪ અંક પર બંધ થયું હતું.

# અજિત દોવાલ રાતે બે વાગ્યે મરકાઝ ખાલી કરાવવા પહોંચ્યા

*ન્યુ દિલ્હી,તા.૧*

કોરોનાના જોખમના કારણે દિલ્હીના નિઝામુદ્દીન વિસ્તારમાં આવેલા તબલીગી જમાતના મરકઝને ખાલી કરાવતા પોલીસને આંખે પાણી આવી ગયા હતા.

આયોજકો કોઈ પણ સંજોગોમાં મરકઝ ખાલી કરાવવા માટે તૈયાર નહોતા. મસ્જિદના મૌલના સાદ દિલ્હી પોલીસ અને બીજી સુરક્ષા એજન્સીઓના આગ્રહને ગણકારી નહોતા રહ્યા ત્યારે ખુદ નેશનલ સિક્યુરિટી એડવાઈઝર અજીત દોવાલને મધરાતે ત્યાં પહોંચવુ પડ્યુ હતુ.

મીડિયા રિપોર્ટ પ્રમાણે ખુદ અજીત દોવાલે મધરાતે બે વાગ્યે નિઝામુદ્દીન પહોંચીને મૌલના સાદને મનાવ્યા હતા ત્યારે મરકઝ ખાલી કરવા માટે તેઓ તૈયાર થયા હતા.

# બૅક્રોનું કામકાજ નિયમિત કરવા તમામ રાજ્યોને આદેશ

ન્યુ દિલ્હી,તા.૧

કેન્દ્ર સરકારે તમામ રાજ્યો અને કેન્દ્ર-શાસિત પ્રદેશોને ૨૧ દિવસના લૉકડાઉનના સમયગાળા દરમિયાન બૅક્રોના કામકાજ રાબેતામુજબ રહે અને તમામ ઑટોમેટેડ ટેલર મશીન (એટીએમ) સામાન્ય સ્થિતિમાં રહે એની તકેદારી રાખવાનો આદેશ આપ્યો હતો. પ્રાઈમ મિનિસ્ટર ગરીબ કલ્યાણ યોજના હેઠળ કુલ ૨૭,૫૦૦ કરોડ રૂપિયાના જે આર્થિક પૅકેજની જાહેરાત કરાઈ છે એ સંબંધિત વહેંચણી આવનારા દિવસોમાં થવાની હોવાથી બૅક્રો તથા બધા એટીએમને સામાન્ય સ્થિતિમાં લાવવાની કેન્દ્રએ રાજ્યોને સૂચના આપી છે.વર્તમાન નાણાકીય વર્ષ (૨૦૧૯-'૨૦) નિર્ધારિત સમય મુજબ ગઈ કાલે (મંગળવારે) પૂરું થયું હતું. સામાન્ય રીતે ઘણી કંપનીઓ તેમ જ પેઢીઓ દ્વારા એમના કર્મચારીઓને મહિનાની શરૂઆતમાં પગાર-વેતનની ચૂકવણી થતી હોય છે અને એ બાબતમાં તેમ જ એટીએમમાંથી પૈસા ઉપાડવા સંદર્ભમાં સામાન્ય પ્રજાને ૨૧ દિવસના લૉકડાઉનના વર્તમાન સમયગાળામાં કોઈ મુશ્કેલીનો સામનો ન કરવો પડે એ હેતુથી પણ કેન્દ્ર સરકારે રાજ્યો-કેન્દ્રશાસિત પ્રદેશોને બૅક્રો તથા એટીએમના સામાન્ય કામકાજ વિશેની સૂચના આપી છે.કેન્દ્રિય ગૃહ સચિવ અજય ભલ્લાએ તમામ રાજ્યો તથા કેન્દ્ર-શાસિત પ્રદેશોના મુખ્ય સચિવોને મોકલેલા સંદેશામાં જણાવ્યું છે કે 'ઘણી રાજ્ય સરકારોએ બૅક્રોના કામકાજના ઘટાડેલા કલાકો વિશે, મર્યાદિત સંખ્યામાં શાખાઓ કાર્યરત્ રાખવા સંબંધમાં, એટીએમમાં રોકડા ભરવા સંબંધિત કર્મચારીઓની અવરજવર પર નિયંત્રણ અંગે તેમ જ અન્ય કેટલાક કારણો બાબતમાં સૂચનાઓ બહાર પાડી છે.

# નિઝામુદીન કેસ બાદ જાગેલી પોલીસે દિલ્હીનુ ગુરુદ્વારા પણ ખાલી કરાવ્યુ

*ન્યુ દિલ્હી,તા.૧*

કોરોના વાયરસે દેશભરમાં મચાવેલા હાહાકાર વચ્ચે તબલીગી જમાતના નિઝામુદ્દીન ખાતે આવેલા મરકઝને ખાલી કરાવી દેવાયુ છે.અહીંના ૨૦૦૦ થી વધુ લોકોને બહાર કાઢવા માટે ૩ દિવસ ઓપરેશન ચલાવાયુ હતુ.

હવે પોલીસે આ કેસમાંથી બોધપાઠ લઈને દિલ્હીના મજનુ ટીલા વિસ્તારમાં ગુરુદ્વારામાં ફસાયેલા ૩૦૦ લોકોને પણ બહાર કાઢવા માટેની કામગીરી શરુ કરી દીધી છે. નિઝામુદ્દીનના કેસ બાદ દિલ્હી પોલીસ હવે કોઈ જોખમ લેવા માગંતી નથી.

આ ગુરુદ્વારામાં ૨૦૦ લોકો ફસાયા હતા.જેમાં કેટલાક વિદેશથી આવેલા લોકો પણ છે.દિલ્હી પોલીસે ગુરુદ્વારા ખાલી કરાવવા માટે પંજાબ સરકારના પ્રતિનિધિઓની પણ મદદ લીધી છે. આ તમામને બસોમાં નહેરુ વિહારની એક સ્કૂલમાં શિફ્ટ કરવામાં આવી રહ્યા છે.આ સ્કૂલમાં ક્વોરેન્ટાઈન સેન્ટર ઉભુ કરવામાં આવ્યુ છે.

## તંત્રી સ્થાનેથી...

# સબકો સન્મતી દે ભગવાન

કોરોના વાઈરસે દુનિયાભરમાં મચાવેલા હાહાકારથી કોઈ અજાણ નથી. આ વૈશ્વિક કટોકટી છે, યુદ્ધથી પણ બદતર. રોગચાળાને વધુ ગંભીરતાથી લેવાની તાતી જરૂર છે. આજે ગુડીપાડવાના પાવન અવસરે આ મહામારી સામે લડવા કટીબદ્ધ, શિસ્તબદ્ધ થવાની જરૂર છે.એક સજ્જ, શિક્ષક નાગરિક અને એક સાચા માનવી તરીકે ઘણું શીખવાનું- કરવાનું છે. એ પણ એકદમ તાકીદે. સરકારી તંત્ર લોકોને બહાર ન નીકળવા માટે અલગ અલગ રીતે સતત સમજાવી રહી છે, પરંતુ ઘણાં કંઈ સ્વીકારતા, સમજતા કે સાંભળતા ન હોય એમ બિલ્ડિંગની નીચે કે નાકા પર ૧૦-૧૨ના ટોળામાં ભેગા થાય છે. આ સમયે નાના બાળકોને ક્રિકેટ રમવા મોકલે છે. પ્લીઝ, આ બધું તાત્કાલિક બંધ કરો. પોતે બંધ કરો અને શક્ય એટલા વધુ ને સમજાવો. મોદી સરકાર કે ઠાકરે સરકાર એક એક નાગરિક પર ધ્યાન ન રાખી શકે. આપણે જ સ્વ-શિસ્ત- સંયમ દાખવવાના છે. એમાં જ સમજદારી છે. ઘણાં બેફામ ખરીદી કરીને સંગ્રહખોરીને નિરર્થક ઉત્તેજન આપે છે. અત્યારે પોતાનું ઘર ચલાવવા અને પેટ ભરવા સાથે અન્યોનો વિચાર કરવો આવશ્યક છે. વિદેશના ઘણાં કિસ્સા જાણીને મન પ્રસન્ન થઈ જાય છે અને માનવતા પરનો વિશ્ર્વાસ અકબંધ રહે છે. કોઈક ઘેરઘેર જઈને દરવાજે ચિઠ્ઠી ચોંટાડી આવે છે કે કોઈને જરૂર હોય તો અમારો સંપર્ક સાધજો. કોઈક વળી સ્વાસ્થ્યની શુભેચ્છા સાથે ચોકલેટની ગિફ્ટ મૂકી જાય. શક્ય છે કે ગઈકાલના જનતા કર્ફ્યુ જેવા દિવસો ફરી આવે. ત્યારે આપણે ગરીબ, ભિક્ષુક, અનાથાશ્રમ અને વૃધ્ધાશ્રમ વિશે વિચારવું પડશે. એક તો આર્થિક મંદી અને એમાં કોરોના વાઈરસના પ્રકોપને લીધે ઘણાં સંગઠનની આર્થિક ખેંચમાં હોઈ શકે. ઘરની બહાર નીકળ્યા વગર આપણે કઈ રીતે કેટલી મદદ કરી શકીએ તે વિચારવાની જરૂર છે.આ સ્થિતિ યુદ્ધ, દુકાળ, પૂર કે ધરતીકંપ જેવા સંજોગોમાં ફેરવાઈ પણ શકે. આમાં પોતાની જાતની સલામતી જાળવવા સાથે બીજાઓનો વિવાદ કરવો પડશે. ક્યારેક કરોડો રૂપિયા નકામા થઈ જાય ત્યારે બે રોટલા કે થોડું અનામ કોહિનૂર હીરાથી પણ અમૂલ્ય બની જાય છે.કુદરતી આફત વખતે માનવતા મહેકી ઊઠે છે. એના આપણે સૌ સાક્ષી છીએ. આવા સમયે પ્રમાણમાં સલામત માનવીને માનવતા યાદ આવે એ કુદરતી છે. આંખે દેખી આફત બાદ સમજાય છે કે અન્ય પર શું વીતતી હશે. નિસર્ગદત્ત માનવતાની લાગણી પર દુન્યવી સ્વાર્થને સવાર ન થવા દઈએ. આ સાથે રહેવાનો સમય છે. એકમેક માટે વિચારવાનો અને શક્ય એટલું વધુ કરી છૂટવાની વેળા છે. ગઈકાલ રવિવારનો જનતા કર્ફ્યુ પ્રતીકાત્મક હતો. એ પૂરો થવા સાથે ઘોડા છૂટા થવાના નથી. આ શરૂઆત છે. પ્રેક્ટિસ કરી લીધી. હવે સ્વયંમભૂ એનો અમલ કરવો. ઈટાલી અને સ્પેન જેવા નાના, વધુ સમૃદ્ધ અને ઓછી વસતિવાળા દેશમાં કોરોના વાઈરસે કરેલા મોતના તાંડવ આપણા દેશ માટે ચેતવણી છે. અત્યારથી સાવધાન નહિ થઈએ તો પસ્તાવાની તક સુધ્ધાં નહિ મળે.આપણે મગજ અને હૃદય સાથેના જીવ છે એ ફરી એકવાર સાબિત કરવાનો મોકો કોરોના વાઈરસે બતાવ્યો છે. આપણી પાસે શેની અપેક્ષા છે? સમજદારી, વધુ સમજદારી અને સંપૂર્ણ સમજદારી.સબકો સન્મતી દે ભગવાન.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૪૧,વીર સંવત-૨૫૪૬, ઈસ્લામીક સંવત-૨૫૪૫, તા. ૦૨/૦૪/૨૦૨૦, ગુરૂવાર, ચૈત્ર સુદ-૯,રામનવમી
સૂર્યોદય-૬-૪૦, સૂર્યાસ્ત-૭-૦૧, જૈન નવકારશી-૭-૫૪,
આજની રાશિ : મિથુન (ક.છ.ઘ), નક્ષત્રઃ પુનર્વસુ

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

- શુભ ચોઘડીયા -
૬-૪૦ થી શુભ-૮-૧૨ સુધી, ૧૧-૧૮થી ચલ-લાભ-અમૃત-૧૫-૫૬ સુધી, ૧૭-૨૯ થી શુભ-અમૃત-ચલ-૨૧-૫૬ સુધી

- શુભ હોરા-
૬-૪૦ થી ૭-૪૧ સુધી, ૯-૪૫ થી ૧૨-૫૦ સુધી, ૧૩-૫૨ થી ૧૪-૫૪ સુધી, ૧૬-૫૮થી ૧૯-૫૯ સુધી

## દૈનિક રાશીફળ

તા.૦૨-૦૪-૨૦૨૦ ગુરૂવાર

**મેષ (અ.લ.ઈ.) :-** ધર્મ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં ગહન ચિંતનનો યોગ. કાર્યોમાં ઉન્નતિ થશે. સ્ફૂર્તિ અને જોશ રહેશે. ધર્મ તરફ ઝોક રહેશે.

**વૃષભ (બ.વ.ઉ.) :-** ખાનપાનમાં ગડબડીથી પેટમાં તકલીફ થઈ શકે છે. શારીરિક સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું.

**મિથુન (ક.છ.ઘ.) :-** નાણાંકીય કાર્યોમાં સંશોધનનો યોગ. આર્થિક ક્ષેત્રે લંબિત પ્રકરણોમાં વિશેષ કાર્ય થશે. માનસિક અસ્થિરતા દૂર કરો.

**કર્ક (ડ.હ.) :-** દૈનિક વ્યાપાર, કૌટુંબિક માંગલિક કાર્યો. ધાર્મિક કાર્યો માટે વિશેષ યાત્રાનો યોગ.

**સિંહ (મ.ટ.) :-** જમીન, વાહન, મકાનના યોગ બને. સમય સુભ ફળદાયી બને. અભ્યાસમાં પ્રગતિ.

**કન્યા (પ.ઠ.ણ.) :-** ધર્મ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં ગહન ચિંતનનો યોગ. વિવાદિત વ્યાપારિક કાર્યોમાં આર્થિક લાભનાં નવા સ્ત્રોત તરફ વિચાર-વિમર્શનો યોગ.

**તુલા (ર.ત.) :-** ધૈર્યથી વ્યાપારિક કાર્યોને પૂર્ણ કરો. નવા કાર્યોથી દૂર રહો.સંતાન પક્ષ સંબંધી સમસ્યાઓને લગતી યાત્રા અને ખર્ચનો યોગ.

**વૃશ્ચિક (ન.ય.) :-** નવા આર્થિક સ્ત્રોતો પર કાર્ય થશે. વ્યાપારિક ભાગીદારીથી લાભ પ્રાપ્ત થશે. વ્યાપારમાં નાણાંકીય મુશ્કેલીઓનો યોગ. બૌદ્ધિક હેરાનગતિ શક્ય.

**ધન (ભ.ધ.ફ.ઢ.) :-** ધૈર્યથી વ્યાપારિક કાર્યોને પૂર્ણ કરો. નવા કાર્યોથી દૂર રહો. કોર્ટ-કચેરીના મુદ્દે સાવચેત રહેવું.

**મકર (ખ.જ.) :-** ધૈર્યથી વ્યાપારિક કાર્યોને પૂર્ણ કરો. નવા કાર્યોથી દૂર રહો. ધાર્મિક યાત્રાનો યોગ.

**કુંભ (ગ.શ.સ.) :-** વાહન સુખ પ્રાપ્તિનો યોગ. કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક યાત્રાનો યોગ. આધ્યાત્મ સંબંધી માંગલિક કાર્યોમાં વિશેષ યાત્રાનો યોગ.

**મીન (દ.ચ.ઝ.) :-** શિક્ષા, મિત્રવર્ગ સંબંધી શોધપૂર્ણ કાર્યમાં સમય પસાર થશે.

### કોરોના ગંભીરતાના લીરેલીરા ઉડાડતા તબલીગી જમાતના મૌલાનાનું વિચિત્ર નિવેદન

# મરવા માટે મસ્જિદથી વધારે સારી જગ્યા કોઈ નહીં : મૌલાના



ન્યુ દિલ્હી,તા.૧

રાજધાની દિલ્હીના નિઝામુદ્દીનમાં તબલીગી જમાતના લગભગ ૧૫૦૦ લોકો ભલે પોતાની જાતને ત્યાં ફસાયેલા હોવાનું જણાવી રહ્યાં હોય પરંતુ જમાતના મુખિયાનો એક વાયરલ થયેલો ઓડિયો કંઈક અલગ જ હકીકત જણાવે છે. તબલીગી જમાતના મૌલાના સાદનો એક કથિત ઓડિયો સામે આવ્યો છે જેમાં તે કોરોના વાયરસનો ઉલ્લેખ કરી રહ્યાં છે.

મૌલાના સાદ કોરોનાને લઈ કહે છે કે, મરવા માટે મસ્જિદથી વધારે બીજી કોઈ સારી જગ્યા હોઈ જ ના શકે. આ બાબત સ્પષ્ટ કરે છે કે, મૌલાના એ બાબત સારી રીતે જાણતા હતાં કે, આ રીતે એકત્ર થવાથી કોરોના વાયરસનું જોખમ વધારે છે.

તબલીગી જમાતના કારણે દેશમાં કોરોના વાયરસના દર્દીઓના કેસ વધી રહ્યાં છે. ત્યારે હવે જમાતના મુખિયાનો એક ઓડિયો વાયુવેગે વાયરલ થઈ રહ્યો છે. જમાતના મુખિયા મૌલાના સાદ અનેક બાબતે પોતાનો મત વ્યક્ત કરે છે. આ દરમિયાન અહીં હારજ લોકોમાં ઘણા લોખો ઉધરસ ખાતા પણ સંભળાય છે. જે દર્શાવે છે કે, આ જલસામાં કોરોના વાયરસે પહેલા જ દસ્તક દઈ દીધી હતી પરંતુ તેને સંપૂર્ણ રીતે નજર અંદાજ કરવામાં આવ્યો હતો.

મૌલાના સાદ ઓડિયોમાં કહેતા સંભળાય છે કે, એ વિચાર જ બેકાર છે કે, મસ્જિદમાં ભેગા થવાથી બિમારી ફેલાય છે, પણ હું કહેવા માંગુ છું કે, જો તમને એવુ દેખાય કે મસ્જિદમાં આવવાથી માણસ મરી જશે તો મરવા માટે આનાથી વધારે સારી બીજી કોઈ જગ્યા હોઈ જ ના શકે.

વાયરલ ઓડિયોમાં મૌલાના સાદ આગળ કહી રહ્યાં છે કે, અલ્લાહ પર વિશ્વાસ રાખો, કુરાન નથી વાંચવાને અખબાર વાંચો છો એટલે જ ડરી જાવ છો અને ભાગી જાવ છો. અલ્લાહ કોઈ પણ મુસીબત એટલે જ લાવે છે કે, તે પણ પરખી શકે કે મારો બંદો શું કરી શકે છે. તેઓ આગળ ઉમેરે છે કે, કોઈ કહે છે કે મસ્જિદને બંધ કરી દેવી જોઈએ, તાળા મારી દેવા જોઈએ કારણે તેનાથી બિમારી વધશે તો આ પ્રકારનો વિચાર તમે તમારા મનમાંથી કાઢી નાખો.

# મહારાષ્ટ્રમાં વધુ ૧૮ કેસ સંક્રમિતઃ સીએસટી રેલ્વે પો.કોન્સ્ટેબલ કોરોનાથી સંક્રમિત

મુંબઈ,તા.૧

મહારાષ્ટ્રમાં કોરોના દર્દીઓની સંખ્યા વધતી જઈ રહી છે. બુધવારે કોરોનાના ૧૮ નવા કેસ સામે આવ્યા છે. જેમાં ૧૬ તો માત્ર મુંબઈના છે જ્યારે ૨ કેસ પૂણેના છે. આ દરમિયાન મુંબઈની સીએસટી રેલવે પોલીસ સ્ટેશનનો એક કોન્સ્ટેબલ પણ કોરોનાથી સંક્રમિત મળ્યા છે. જે બાદ હાહાકાર મચી ગયો છે.

રેલવે પોલીસના આ કોન્સ્ટેબલને ૩૦ માર્ચે કલ્યાણના રૂકમણી બાઈ હોસ્પિટલમાંથી કસ્તૂરબામાં દાખલ કરવામાં આવ્યા છે જ્યાં તેમનો કોરોના ટેસ્ટ કરવામાં આવ્યો હતો. હવે તેનું રિઝલ્ટ પોઝિટિવ આવ્યુ છે. સૌથી મહત્વની વાત એ છે કે ૧૫થી ૨૭ માર્ચ સુધી તેમના સંપર્કમાં થાણેના ૩૨ પોલીસ કર્મચારી આવ્યા હતા.

રેલવે પોલીસના સીનિયર અધિકારીઓ અનુસાર અત્યાર સુધી કુલ ૧૧ લોકોને ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા છે.બાકી લોકો સાથે પણ જલ્દી જ સંપર્ક કરીને તેમને ક્વોરન્ટાઈન કરી દેવામાં આવશે. આ સિવાય કોન્સ્ટેબલ જે સામાન્ય લોકોની સાથે સંપર્કમાં આવ્યો હતો, તેમની ઓળક કરવામાં આવી રહી છે.

### ૨૪ કલાકમાં ૪૩૭૩ લોકોનાં મોત, સામે આવ્યા ૭૩,૬૩૯ નવા કેસ

# કોરોનાથી વિશ્વમાં હાહાકારઃ ૪૨૦૦૦થી વધુના મોત,આઠ લાખથી વધુ લોકો સંક્રમિત

રોમ/મેડ્રિડ,તા.૧

વિશ્વભરમાં કોરોના વાઈરસના દર્દીઓ ૮ લાખ ૫૮ હજાર ૮૯૨ થઈ ગયા છે. અત્યાર સુધીમાં ૪૨ હજાર ૧૫૮ લોકોએ જીવ ગુમાવ્યો છે. એક લાખ ૭૮ હજાર ૧૦૦ લોકોને સારવાર બાદ હોસ્પિટલમાંથી રજા અપાઈ છે. ઈટાલી અને સ્પેન બાદ હવે અમેરિકાની સ્થિતિ વિકટ બની રહી છે. ઈટાલીની વાત કરીએ તો અહીં પોઝિટિવ કેસની સંખ્યા એક લાખ ૫ હજાર ૭૯૨ થઈ ગઈ છે. જ્યારે ૧૨ હજાર ૪૪૬ લોકો અહીં મોતને ભેટ્યા છે. ઈટાલી, ફ્રાન્સ અને સ્પેનમાં એક દિવસમાં બે હજાર લોકોએ જીવ ગુમાવ્યો.

મંગળવારે ચીનમાં સંક્રમણનો એકપણ કેસ નોંધાયો છે. અહીં માત્ર પાંચ લોકોના મોત થયા છે. ચીનમાં ધીમે ધીમે સ્થિતિ સારી થઈ રહી છે. કોરોના વાઈરસના એપી સેન્ટર વુહાનમાં હવે માત્ર આંશિક લોકડાઉન જ છે. જોકે ટ્રેન અને વિમાની સેવા શરૂ કરી દેવાઈ છે. ૮ એપ્રિલના રોજ અહીં લોકડાઉન સમગ્રપણે સમાપ્ત થશે.

કોરોનાથી સૌથી વધારે પ્રભાવિત દેશ ઈટાલી થયો છે. અહીં ૧૨ હજારથી વધારે લોકોએ જીવ ગુમાવ્યો છે. જ્યારે પોઝિટિવ કેસની સંખ્યા એક લાખ પાંચ હજાર ૭૯૨ થઈ ગઈ છે. અહીં ૧૫૭૨૯ લોકોને સારવાર પછી રજા આપવામાં આવી છે.

કોરોના વાઈરસની મહામારીમાં યુરોપનો બીજો સૌથી વધારે પ્રભાવિત દેશ સ્પેન છે. અહીં પોઝિટિવ કેસની સંખ્યા એક લાખ પહોંચવા આવી છે. હાલ કેસ ૯૫૯૨૩ છે. અહીં મૃતૃઆંક ૮૪૬૪ થયો છે.

### ૨ વર્ષ સુધી કોરોના દર્દીઓને બાકી લોકોથી અલગ રાખવાના

# એપ્રિલ સુધીમાં આવી શકે છે વાયરસની બીજી લહેરઃ ચીની વૈજ્ઞાનિકોની ચેતવણી

બેઈજિંગ,તા.૧

ચીનમાં કોરોના વાયરસની અસર ઓછી થતી જોવા મળી રહી છે. ચીન પોતાના શહેરોમાં લોકડાઉન પણ હટવી રહ્યુ છે. કારણ કે, છેલ્લા ઘણા સમયથી લોકો પોતાના ઘરની બહાર પણ નીકળી શક્યા નથી, જેથી હવે તેઓ બહારની હવામાં શ્વાસ લઈ શકે. લગભગ ૬૦ દિવસ બાદ ચીનમાં આ બધા જ પ્રતિબંધ હટતા જોવા મળી રહ્યા છે, પરંતુ હજુ પણ વૈજ્ઞાનિકોની સામે એક મોટો પડકાર છે કે, ક્યાંક ચીનમાં કોરોના વાયરસ બીજી વખત હુમલો ન કરી દે.સાયન્સ મેગેજીન નેચરના હોંગકોંગ યૂનિવર્સિટીના મહામારી વિશેષજ્ઞ વેલ કાઉલિંગનું કહેવુ છે કે, આ સમય લોકડાઉનમાંથી મુક્તિ અને થોડો આરામ કરવાનો છે, પરંતુ એ વાત પાક્કી છે કે, કોરોના વાયરસની બીજી લહેર જરૂર આવશે. કારણ કે, શંકા છે કે, કોરોનાની લહેર એપ્રિલના અંત સુધીમાં એક વખત ફરી ચીનને પોતાની ઝપેટમાં લઈ લેશે.

બેન કાઉલિંગે જણાવ્યુ કે, કોરોના વાયરસ હુબેઈ પ્રાંતના વુહાન શહેરમાંથી નિકળીને સમગ્ર ચીન અને બાદમાં યૂરોપીય અને અમેરિકા જેવા દેશ સુધી ફેલાઈ ગયો છે. સમગ્ર દુનિયામાં પરિવહન પર પણ પ્રતિબંધ લગાવી દેવામાં આવ્યો છે. વધુમાં તેમનું કહેવુ છે કે, યૂરોપની સારવારની પદ્ધતિ જોઈને લાગી રહ્યુ છે કે, તેમને લગભગ ૨ વર્ષ સુધી કોરોના દર્દીઓને બાકી દેશના લોકોથી અલગ રાખવા પડશે. ત્યારે જ આ દેશ પોતાના લોકોને બચાવી શકશે.

બેને જણાવ્યુ કે, હવે ચીનને બધા જ પ્રાંતમાં ફરીથી ટેસ્ટિંગ કરવી જોઈએ. જેથી તે જાણ થઈ શકે કે, હજુ પણ કેટલા લોકો કોરોના વાયરસની જકડમાં છે ? કેટલા લોકો આ વાયરસથી સાજા થઈ ગયા છે ? કેટલા લોકોમાં હલ્કા-ફુલ્કા લક્ષણો છે જેથી તેઓ ફરીથી બીમાર થઈ શકે. આ તૈયારી બીજી લહરથી બચાવશે.

### મૃતકના સંપર્કમાં આવેલા આરોગ્યકર્મીઓને પણ આઈસોલેટ કરાયા

# ઉત્તપ્રદેશમાં કોરોના વાયરસથી પ્રથમ મોતઃ ૧૦૦થી વધુ લોકો સંક્રમિત

ગોરખપુર,તા.૧

કોરોના વાયરસને પગલે ઉત્તર પ્રદેશમાં સૌપ્રથમ મૃત્યુનો કેસ નોંધાયો છે. બસ્તી જિલ્લાના ૨૫ વર્ષના કોરોના સંક્રમિત યુવકનું ગોરખપુરમાં સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું. યુવકનું મૃત્યુ બે દિવસ અગાઉ થયું હતું પરંતુ બુધવારે તેનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. આ ઉપરાંત મેરઠમાં ૭૨ વર્ષના કોરોના સંક્રમિત દર્દીનું મોત થયું હતું. મેરઠમાં મૃતકનો કોરોના રિપોર્ટ હજી સુધી આવ્યો નથી. ઉત્તર પ્રદેશમાં કોરોના સંક્રમિત દર્દીઓનો આંકડ ૧૦૦ને પાર થઈ ગયો છે. સૌથી વધુ કેસો નોયડામાં નોંધાયા છે.

પ્રાપ્ત વિગતો મુજબ લખનઉની કિંગ જ્યોર્જ મેડિકલ યુનિવર્સિટી (કેજીએમયુ)ના પ્રવક્તા ડો. સુધીર સિંહએ જણાવ્યા મુજબ ગોરખપુર જિલ્લામાં ૨૫ વર્ષના યુવકનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. બસ્તીના ગાંધીનગર વિસ્તારમાં આ યુવક રહેતો હતો. યુવકને રવિવારે ગોરખપુરની બીઆરડી મેડિકલ કોલેજમાં દાખલ કરાયો હતો, સોમવારે સવારે તેનું મોત થઈ ગયું હતું. યુવકને શ્વાસ લેવામાં તકલીફ પડતી હતી. મૃત્યુ બાદ હોસ્પિટલ સ્ટાફે જણાવ્યું હતું કે યુવકમાં કોરોનાના લક્ષણો જોવા મળ્યા હતા.

કેજીએમયુના પ્રવક્તાના મતે યુવકના સલાઈવાના નમૂના પરીક્ષણ માટે પહેલા બીઆરડી મેડિકલ કોલેજની લેબમાં મોકલાયા હતા જ્યાં રિએક્ટિવ આવ્યા હતા. પુષ્ટિ માટે મંગળવારે નમૂનાને કેજીએમયૂ મોકલાયા હતા. બુધવારે સવારે યુવકનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. ગોરખપુરના સીએમઓ આ કેસની વધુ વિગતો આપશે.

સિંહના મતે મંગળવારે સાજે આવેલા સેમ્પલ પૈકી બે લોકોના રિપોર્ટ પોઝિટિવ જણાયા છે, જેમાં એક વ્યક્તિને આગરાની એસએન મેડિકલ કોલેજમાં દાખલ કરાયા છે જે ૫૪ વર્ષના છે. બીજીતરફ લખનઉમાં એકપણ નવો કેસ નોંધાયો નથી.

### યુવરાજે આફ્રિદીની સંસ્થાને ટેકો જાહેર કરતાં ચાહકો નારાજ

# કોરોના સામે લડવા ભારત-પાકિસ્તાનના ક્રિકેટરો સંગઠિત થયા



મુંબઈ,તા.૧

કોરોના વાઈરસ રોગચાળો ફેલાતા આખું વિશ્વ હાલ સ્થગિત થઈ ગયું છે ત્યારે આ કપરાં સમયમાં ગરીબ અને જરૂરિયાતમંદ લોકોને મદદરૂપ થવા માટે રમતવીરો આગળ આવ્યાં છે અને એમનાથી બનતું દાન આપી રહ્યા છે. ભારતના ભૂતપૂર્વ ઓલરાઉન્ડર યુવરાજ સિંહે જરૂરિયાતમંદોને મદદરૂપ થવા માટે પાકિસ્તાનના ભૂતપૂર્વ કેપ્ટન શાહિદ આફરિદી સાથે હાથ મિલાવ્યા છે.

યુવરાજ સિંહે આફરિદી અને એની બિનસરકારી સંસ્થા આફરિદી ફાઉન્ડેશનને ટેકો જાહેર કર્યો છે. યુવરાજે ટ્વીટ કરીને લખ્યું છે કે, હાલના કટોકટીભર્યા સમયમાં કમનસીબ લોકોને મદદરૂપ થવા માટે ભેગા થવાની જરૂર છે. ચાલો આપણે પણ થોડીક મદદ કરીએ. હું શાહિદ આફરિદી અને એની સંસ્થા શાહિદ આફરિદી ફાઉન્ડેશને કોવિડ-૧૯ સામેની લડાઈમાં આદરેલી ઉમદા પહેલને મારો ટેકો જાહેર કરું છું. પ્લીઝ donatekarona.com પર દાન આપજો.આ જ રીતે ભૂતપૂર્વ ઓફ્ફ સ્પિનર હરભજન સિંહે પણ આફરિદીની પહેલની પ્રશંસા કરી છે. એણે ટ્વીટ કરીને લખ્યું છે કે માનવતા માટે શાહિદ આફરિદીનું આ મહાન કાર્ય છે. ભગવાનના આપણા સૌની ઉપર આશીર્વાદ રહે, વિશ્વનું કલ્યાણ થાય એવી પ્રાર્થના કરું છું.

શાહિદ આફરિદીએ પણ પોતાને ટેકો આપવા બદલ યુવરાજ સિંહ અને હરભજન સિંહનો આભાર માન્યો છે. આફરિદીની સંસ્થા પાકિસ્તાનમાં આ રોગચાળાને કારણે સૌથી ખરાબ અસરગ્રસ્ત વિસ્તારોમાં ખોરાક, જંતુનાશક દવાઓ તથા અન્ય આવશ્યક ચીજવસ્તુઓ પૂરા પાડી રહી છે.

યુવરાજ સિંહે એક વિડિયો સોશિયલ મિડિયા પર રિલીઝ કરીને જણાવ્યું છે કે આ સમયમાં સાથે રહેવું બહુ જ મહત્ત્વનું છે.

શાહિદ આફરિદીને ટેકો આપવા બદલ જોકે યુવરાજ અને હરભજન ઉપર ભારતમાં અનેક લોકો નારાજ થયા છે. ઘણા નેટયુઝર્સે સોશિયલ મિડિયા પર આ બંને ક્રિકેટરની ટીકા કરતા સંદેશા પોસ્ટ કર્યા છે.

### ભારતે દક્ષિણ કોરિયાનું મૉડલ અપનાવવું પડશે

# ભારત ૬ એપ્રિલથી રેપિડ ટેસ્ટ શરૂ કરશે જે માત્ર ૩૦ મિનિટમાં પરિણામ દર્શાવશે

ન્યુ દિલ્હી,તા.૧

દેશમાં કોરોના વાયરસ ના પ્રસારને રોકવા માટે ૨૧ દિવસનું લૉકડાઉન લાગુ છે. દેશમાં અત્યાર સુધી કોરોના સંક્રમણના ૧૨૦૦થી વધુ કેસ સામે આવી ચૂક્યા છે. એવામાં સરકાર અને સ્વાસ્થ્ય મંત્રાલય તરફથી વ્યાપક પગલાં ભરવામાં આવી રહ્યા છે. કોરોના સામેના જંગમાં ભારતને દક્ષિણ કોરિયાનું મૉડલ અપનાવવું પડશે. તે મુજબ દેશમાં ૨૦૦૦૦ ટેસ્ટ સેન્ટર્સની આવશ્યક્તા છે, જેનાથી કોરોના સંક્રમિત લોકોની ઓળખ વહેલી તકે થઈ શકશે.

નોંધનીય છે કે, દક્ષિણ કોરિયા કોરોના સંક્રમણ ફેલાવવાના પ્રારંભિક ચરણમાં એક દિવસમાં ૧૫૦૦૦થી વધુ લોકોની તપાસ કરવામાં સફળ રહ્યું હતું. અત્યાર સુધી ત્યાં લગભગ ૪ લાખ લોકોની તપાસ કરવામાં આવી ચૂકી છે. તેનો અર્થ એ છે કે ત્યાંની સરકાર કોરોના સંક્રમિત લોકોની ઓળખ સરળતાથી કરીને તેમને આઈસોલેશનમાં રાખી શકે છે. તેનાથી ત્યાં સાજા થનારા દર્દીઓની સંખ્યા વધુ છે. દર્દીઓ સાજા થવાની પ્રક્રિયા ઉપલબ્ધ સ્વાસ્થ્ય સેવા પર નિર્ભર કરે છે અને જો સિસ્ટમ અતિશય વુધ સંક્રમણોથી ગ્રસ્ત નથી તો હાલના દર્દીઓ માટે સારી મેડિકલ સુવિધા ઉપલબ્ધ કરાવી શકાય છે.

દિલ્હીમાં કોરિયન એમ્બેસીમાં વરિષ્ઠ ડિપ્લોમેટ અને મંત્રી કાઉન્સિલર યોયો ચાંગ-હોએ જણાવ્યું કે દક્ષિણ કોરિયામાં કુલ ૬૫૦ પરીક્ષણ કેન્દ્ર છે. દેશની ભૌગોલિક સ્થિતિને જોતાં તે પૂરતાં છે. આ બિલકુલ એવું થશે કે જ્યારે ભારતની પાસે દેશભરમાં લગભગ ૨૦ હજાર ટેસ્ટિંગ સેન્ટર હશે. તેઓએ ભાર મૂકીને કહ્યું કે તપાસ કેન્દ્રોના માધ્યમથી પ્રારંભિક ચરણમાં જ મહામારાનો સામનો કરવા માટે સમગ્ર પણે સુધાર માટે વ્યવસ્થાની આવી હોય.

# સરકારે તબલીગી પ્રવૃતિઓ માટે વિદેશીઓના ટૂરિસ્ટ વીઝા પર પ્રતિબંધ મૂક્યો

ન્યુ દિલ્હી,તા.૧

નિઝામુદીન મરકઝમાં યોજાયેલી ધાર્મિક બેઠકમાં સામેલ કેટલાક લોકોની કોરોના વાયરસથી મોત અને કોરોના ગ્રસ્ત હોવાના કેસો સામે આવતા જ તબલીગી જમાત ચર્ચાનો વિષય બની ગયુ છે. જોકે આ પ્રકરણ ખુલતાની સાથે જ ચોંકાવનારો ખુલાસો એ પણ થયો છે કે, જમાત માટે વિદેશથી આવતા લોકો ટૂરિસ્ટ વીઝા સાથે ભારતમાં આવે છે અને અહીં ધાર્મિક પ્રચારમાં ભાગ લે છે. આ પ્રકરણ પરથી પડદો ઉઠતાની સાથે જ ભારત સરકારે તબલીગી પ્રવૃતિઓ માટે વિદેશથી આવનારા લોકોને ટૂરિસ્ટ વીઝા ન આપવાનો નિર્ણય લીધો છે. નિઝામુદ્દીન પ્રકરણ ખુલતા જ તબલીગી જમાતના દેશના અન્ય મરકઝોમાં પણ વિદેશીઓ આવ્યા હોવાનો માલૂમ પડ્યુ છે. તેલંગાણાથી લઈને યુપી અને ઝારખંડ સુધી તમામ રાજયોની અનેકો મસ્જિદોમાંથી અત્યાર સુધી ૭૦૦થી વધારે વિદેશીઓને પકડી લેવામાં આવ્યા છે. જેમાંથી મોટાભાગના લોકો ટૂરિસ્ટ વીઝા પર ભારતમાં આવ્યા હતા અને અહીં આવીને ધાર્મિક પ્રચારની વૃત્તિમાં સામેલ થયા હતા. આ ખુલાસા પછી ભારત સરકારે જાહેર કર્યુ છે કે, ટૂરિસ્ટ વીઝા પર આવેલા લોકો જે મિશનરી પ્રવૃતિઓમાં ભાગ લે છે તેમણે વીઝા નિયમોનો ભંગ કર્યો છે આથી તેમની વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવશે.

### ડૉ.આંબેડકર ની જન્મ જયંતિ અંતર્ગત સંકલ્પ સંસ્થા અને ઉન્નતિ ફાઉન્ડેશન ના સંયુક્ત ઉપક્રમે

# ડૉ.બાબાસાહેબ આંબેડકર કે તેમના જીવનના કોઈપણ પ્રસંગ ઉપર ચિત્ર સ્પર્ધા યોજાઈ

કોરોના વાયરસ (કોવિડ-૧૯) ની વૈશ્વિક મહામારીને લઈને સમગ્ર દેશવાસીઓની સુરક્ષા અને સલામતીને ધ્યાનમાં રાખીને માન. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજી એ હાલમાં સમગ્ર ભારતમાં લોકડાઉન જાહેર કરેલ છે. લોકડાઉનના કારણે આપણે સૌ સરકારની સૂચના મુજબ પરિવાર સાથે ઘરમાં જ રહીને કોરાના જેવી વૈશ્વિક મહામારીને હરાવવા રાષ્ટ્રને મદદરૂપ બનવાનું દેશસેવાનું કાર્ય કરી રહ્યા છીએ આગામી ૧૪ મી એપ્રિલ-૨૦૨૦ એ વિશ્વરત્ન ડૉ. બાબાસાહેબ ભીમરાવ આંબેડકર ની ૧૨૯ મી જન્મ જયંતિ અંતર્ગત સંકલ્પ સંસ્થા, પાટણ અને ઉન્નતિ ફાઉન્ડેશન, પાટણ ના સંયુક્ત ઉપક્રમે ડૉ.બાબાસાહેબ આંબેડકર કે તેમના જીવનના કોઈપણ પ્રસંગ ઉપર ઘેરબેઠાં ચિત્ર સ્પર્ધા રાખવામાં આવી છે આ ચિત્ર સ્પર્ધામાં ૫ થી ૧૪ વર્ષના બાળકો માટે, ૧૫ થી ૨૧ વર્ષના અને ૨૨ થી વધુ વર્ષના વ્યક્તિઓ માટે એમ ત્રણ કેટેગરીમાં ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે આ ચિત્ર સ્પર્ધામાં પાટણ શહેરના તમામ સમાજના વ્યક્તિઓ ભાગ લઈ શકશે જે ઘરે રહીને જ ડૉ. આંબેડકર કે તેમના જીવનના કોઈપણ પ્રસંગ ઉપર એક ચિત્ર એ-૪ સાઈઝ કે તેનાથી મોટી સાઈઝની ડ્રોઈંગ પેપરશીટમાં જ ચિત્ર દોરવાનું રહેશે ચિત્ર દોરવા આપની પાસે ઉપલબ્ધ પેન્સિલ, સ્કેચ કલર, પેન્સિલ કલર, વોટર કલર વિગેરે ઉપયોગમાં લઈ શકાશે ડ્રોઈંગ પેપરશીટના કોર્નરમાં પોતાનું પૂરું નામ, સરનામું, જન્મ તારીખ અને મોબાઈલ નંબર દર્શાવવાનો રહેશે દોરેલ ચિત્રનો સંપૂર્ણપણે સ્પષ્ટ દેખાય તે રીતે મોબાઈલમાં સ્કેન કરેલ ફોટો તેમજ જે વ્યક્તિએ ચિત્ર દોર્યું હોય તે વ્યક્તિના હાથમાં દોરેલ ચિત્ર દેખાય તે રીતે પોતાનો ફોટો કે સેલ્ફી ફોટો પાડી તા.૧૨/૪/૨૦૨૦ સુધીમાં મોબાઈલ નંબર ૯૪૨૭૬૧૮૫૮૩ ઉપર વોટ્સએપ કરવાનો રહેશે લોકડાઉન બાદ સરકારશ્રી જ્યારે રાજ્યમાં સામાન્ય સ્થિતિ જાહેર કરશે ત્યારે વિષય તજજ્ઞો તેમજ મહેમાનોની ઉપસ્થિતિમાં ૧ થી ૩ ક્રમાંકે આવનાર તમામ કેટેગરીના સ્પર્ધકોને ટ્રોફી અને પ્રમાણપત્ર આપવામાં આવશે જ્યારે ભાગ લીધેલ બાકીના તમામ સ્પર્ધકોને આશ્વાસન ઈનામ આપવામાં આવશે એમ સંકલ્પ સંસ્થાના પ્રમુખ રાજેન્દ્ર હિરવાણીયા, ઉન્નતિ ફાઉન્ડેશન ના પ્રમુખ પરેશભાઈ મકવાણા, ઉપપ્રમુખ ઈશ્વરભાઈ એલ.પરમાર, મહામંત્રી ભરત એન. સોલંકી એ જણાવ્યા હતું.

# નોવેલ કોરોનાના લોકડાઉન સંદર્ભે કિસાનો ને સહાય રૂપ થવા રાજય સરકાર નો નિર્ધાર

નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલે જણાવ્યુ છે કે કિસાનોના હિતને વરેલી રાજય સરકાર કપરા સમયમાં કાયમ માટે ખેડૂતોના પડખે ઉભી રહી છે. પ્રવર્તમાન કોરોના વાયરસની ગંભીર પરિસ્થિતિમાં ખેડૂતોના તૈયાર પાકનું વેચાણ હાલ બંધ છે. તેથી ખેડૂતો રોકડ રકમના અભાવના કારણે બેંકમાંથી લીધેલ ધિરાણ પરત ભરી શકતા નથી. અને બેંકો દ્વારા ખેડૂતોને નોટીસ મળે છે. તેને મદદરૂપ થવા માટે ખેડૂતોએ રાષ્ટ્રીયકૃત અને જિલ્લા સહકારી બેંકો દ્વારા જે ટુંકી મુદ્દતનું ધિરાણ લીધુ હતુ તે ભરપાઈ કરવાની મુદત તા.૩૧.૦૩.૨૦૨૦ હતી તે લંબાવીને હવે તા.૩૧.૦૫.૨૦૨૦ કરાઈ છે.

નાયબ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યુ કે, રાજયના ખેડૂતોને સહાયરૂપ થવા ખેડૂત અગ્રણીઓ, કિસાન સંઘ, ધારાસભ્યશ્રીઓ દ્વારા મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી, કૃષિ મંત્રીશ્રી આર.સી.ફળદુ અને મારી સમક્ષ આ મુદ્દત વધારવા માટે રજુઆત કરી હતી. તે સંદર્ભે ગુજરાત સરકાર દ્વારા કેન્દ્ર સરકારને દરખાસ્ત કરવામાં આવી હતી. જેને મંજૂરી મળતાં આજે રાજય સરકારે આ મુદત બે માસ સુધી વધારવાનો નિર્ણય કર્યો છે.

તેમણે ઉમેર્યુ કે, રાજયમાં પ્રવર્તી રહેલ કોરોના વાયરરસી મહામારીને પરિણામે ઉદ્યોગ-ધંધા-વેપાર અને માર્કેટ યાર્ડો બંધ છે ત્યારે ખેડૂતો પોતાનો પાક વેચી શકતા નથી ત્યારે રાષ્ટ્રીયકૃત અને જિલ્લા સહકારી બેંકો પાસેથી જે ટુંકી મુદ્દતનું ધિરાણ લીધુ હતુ તે ૩૧ માર્ચ સુધી ભરપાઈ કરે તો જ ફરીથી એ જ મંડળીઓ પુનઃ ધીરાણ આપતી હોય છે. ખેડૂતોને રાબેતામુજબ ધિરાણ મળી રહે તે આશયથી આ મહત્વનો નિર્ણય કરાયો છે.

રાજયના ખેડૂતોને ૭ ટકાના દરે પાક ધિરાણ ઉપલબ્ધ થાય તે માટે ભારત સરકાર ૩ ટકા અને રાજય સરકાર ૪ ટકા વ્યાજ રાહતની રકમ સહકારી ધિરાણ માળખામાં આપે છે. કોરોના વાયરસને કારણે સમગ્ર દેશમાં હાલની લોકડાઉનની પ્રવર્તમાન પરિસ્થિતિમાં ખેડૂતો સમયસર પાક ધિરાણની રકમ ભરપાઈ ન કરી શકે તે સ્વાભાવિક છે. એટલું જ નહિ, આ વધારાના સમય માટે પણ ખેડૂતોને અપાતી ૭ ટકા વ્યાજ રાહત યથાવત ચાલુ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

તેમણે ઉમેર્યું કે, ભારત સરકારની જેમ જ ગુજરાત સરકાર પણ ખેડૂતોને આ વધારાના સમય માટે ૪ ટકા વ્યાજ રાહત આપશે. રાજયના ૨૪,૨૧,૧૪૯ જેટલા ખેડૂતોને વ્યાજ રાહતનો લાભ મળશે અને રાજય સરકાર આ વ્યાજ રાહતની વધારાની સમયમર્યાદાના રૂ. ૧૬૦ કરોડનો વધુ બોજ વહન કરીને પણ ખેડૂતોની પડખે ઊભી રહેશે.



લોક ડાઉન માં મદદરૂપ બનવા પુંસરીના ગરીબ પરિવારોને દરામણ મફત કર્યું. કોરોના ના રોગચાળાના કારણે ગામડાના મજૂરી ઉપર નભતા પરિવારોને હાલત કફોળી છે. રાજ્ય સરકારે મફત ઘઉં ચોખા નું વિતરણ શરૂ કર્યું છે ત્યારે જરૂરિયાત મંદ પરિવારો માટે પુંસરી ગામે દરામણ મફત કર્યું છે આ માટે ગામની એક ઘંટી નક્કી કરી છે. તેમાં બી.પી.લ કાર્ડ, તેમજ અંત્યોદય કાર્ડ લઈ જવામાં આવેશે તો મફત દળી આપવામાં આવશે. ગરીબ પરિવારોના દરામણ ની રકમ પુંસરી ના નટુભાઈ ચૌધરી પરિવાર તરફ થી હિમાંશુભાઈ પટેલ (પૂર્વ સરપંચ) અને નરેન્દ્રભાઈ પટેલ ચૂકવી દેશે. આ લાભ પુંસરી તથા તેના પેટાપરા અમરાપુર,અજમેલપુરા, ભરડીયા, ના ૫૦૦ પરિવારોને લાભ મળશે.




કોરોના નામની મહામારીએ સમગ્ર વિશ્વમા હાહાકાર મચાવી દીધેલ છે જેની સામે ભારત દેશને બચાવવા માટે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ૨૧ દિવસ માટે સમગ્ર દેશને લોકડાઉન કરેલ છે. કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર, સહકારી સંસ્થાઓ, ટ્રસ્ટો તથા વ્યક્તિગત રીતે દેશ-દુનિયાના લોકો કોરોના વાયરસ ની સામે લોકોને મદદરૂપ થવા માટે ખુલ્લા મને મદદ કરી રહ્યા છે ત્યારે સાબરકાંઠા જીલ્લા પંચાયત પૂર્વ પ્રમુખ અને મોડાસાના પૂર્વ ધારાસભ્ય, સહકારી અને રાજકીય અગ્રણી લીંભોઈનાં અંબાલાલ.જે.ઉપાધ્યાયે મુખ્યમંત્રી ગુજરાત રાજ્ય ના રાહત ફંડમાં ૧.૧૧ લાખ રૂપિયાનો ચેક જીલ્લા કલેકટર અમૃતેશ ઔરંગાબાદકર ને સોંપવામાં આવ્યો હતો

### રાધનપુરના દેવ ગામના દરજી પરિવારે

# ૨૦૦ માસ્કનું મફત વિતરણ કરી લોક સેવામાં યોગદાન આપ્યું




પાટણ જિલ્લાના રાધનપુર તાલુકાના દેવ ગામના વતની દરજી દિનેશભાઈ ભોગીલાલ તેમજ તેમના પરિવારના તમામ સભ્યો સાથે પોતાની શક્તિ ભક્તિ મુજબ લોકસેવાનું કાર્ય કર્યું હતું તેઓએ કોરોના વાયરસ ની દહેશત ને પગલે પોતાના ગામ ના લોકોને ૨૦૦જેટલા માસ્ક બનાવી શેરી મહોલ્લા માં મફત માં વિતરણ કરી લોક સેવા નું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું તેમજ દિનેશભાઈ દ્વારા કોરોના વાઈરસ ને પગલે લોકો પોતાના ઘરે રહે,બિનજરૂરી બહાર ન નીકળવું, સ્વથ્ય સાચવી કોરોના જેવી બીમારી સામે રક્ષણ મેળવવા અપીલ કરી હતી....નિખિલ જોષી

### સાયરા કેસ

# સીઆઈડી ક્રાઈમે બે આરોપીઓને ક્લીનચીટ આપતા કોર્ટે "વર્ગ-સી" સમરી મંજુર કરી બંને આરોપીઓને જેલમુક્ત કરવા આદેશ

અરવલ્લી બ્યુરો મોડાસા

મોડાસાના સાયરા (અમરાપુર) ૧૯ વર્ષીય યુવતીના અપહરણ, ગેંગ રેપ અને હત્યાના ચકચારી કેસની તપાસ ૧૯ જાન્યુઆરીથી સી.આઈ.ડી ક્રાઈમના ડીઆઈજી ગૌતમ પરમારના નેતૃત્વમાં એસપી વીરેન્દ્ર યાદવ, ડીવાયએસપી અશ્વિન પટેલ સહિતની ટીમ કરી રહી છે. આ કેસનો મુખ્ય આરોપી બિમલ ભરતભાઈ ભરવાડ તપાસમાં સહકાર આપતો ન હોવાથી નાર્કો એનાલિસિસ ટેસ્ટ માટે કોર્ટમાં અરજી કરવામાં આવતા કોર્ટે મુખ્ય આરોપી બિમલ ભરવાડના નાર્કોટેસ્ટની મંજૂરી આપ્યાના બીજા જ દિવસે સીઆઈડી ક્રાઈમે સનસનીખેજ ખુલાસો કરતાં પિડીત યુવતી સાથે સામુહિક દુષ્કર્મ, અપહરણ કે હત્યા અંગેના કોઈપણ પ્રકારના પુરાવા ન મળતાં દર્શન ભરવાડ અને જીગર પરમારને ક્લીનચીટ આપી હતી સીઆઈડી ક્રાઈમની ક્લીન ચિટના ૨૦ દિવસ પછી ડીસ્ટ્રીક કોર્ટે દર્શન ભરવાડ અને



જીગર પરમારની

"વર્ગ-સી" સમરી મંજુર કરવાનો હુકમ કરી બંનેને જેલ મુક્ત કરવાનો આદેશ કરવામાં આવતા પરિવારજનોએ રાહતનો શ્વાસ લીધો હતો

કોરોના વાયરસના કારણે દેશભરની અનેક જેલોમાં કેદીઓને છોડી મુકવાની કવાયત ચાલી રહી છે ત્યારે અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં આવેલ સબજેલ માંથી ૭ વર્ષથી નીચેની કેદની સજા પામેલ ૭ કેદીઓને વચગાળાના જામીન આપી મુક્ત કર્યા હતા ત્યારે સાયરા કેસમાં આરોપી ૧)દર્શન ભલાભાઈ ભરવાડ (રહે,મોલ્લી,પિપરાણા, માલપુર) અને ૨) જીગર સરદારસિંહ પરમાર (રહે,ગાજણ,મોડાસા) ને સીઆઈડી ક્રાઈમે ક્લીન ચિટ આપવામાં આવી હતી ત્યારે અરવલ્લી ડીસ્ટ્રીક કોર્ટે દર્શન ભરવાડ અને જીગર પરમાર જ્યુડિશિયલ કસ્ટડીમાં હોવાથી

"વર્ગ-સી" સમરી મંજુર કરવાનો હુકમ મોડાસા સબજેલના જેલરને બંનેની બીજા કોઈ ગુન્હામાં કામે જરૂર ન હોયતો તાત્કાલિક જેલ મુક્ત કરવાનો આદેશ કરવામાં આવતા પરિવારજનોમાં આનંદ છવાયો હતો મોડાસા સબજેલના પ્રશાસને બંનેને જેલમાંથી મુક્ત કરવાની પ્રક્રિયા હાથધરી હતી

સાયરા (અમરાપુરા)ની યુવતી ૩૧ ડિસેમ્બરના રોજ મોડાસા આવ્યા બાદ ગુમ થઈ ગઈ હતી. પરિવારે પુત્રીની શોધખોળ કર્યા બાદ તેનો કોઈ પત્તો ન લાગતા મોડાસા ટાઉન પોલીસમાં જાણ કરાઈ હતી. યુવતી ગુમ થયાને પાંચ દિવસનો સમયગાળો વિતવા છતાં તેની કોઈ ભાળ ન મળી ન હતી. ત્યારબાદ સાયરા ગામની સીમમાં આવેલા વડ ઉપર યુવતીની લાશ લટકતી હોવાની વાત વહેતી થતાં ગ્રામજનો અને આજુબાજુના ગામડાઓના ટોળેટોળા ઘટનાસ્થળે દોડી ગયા હતા. ત્યાર બાદ સાયરા (અમરાપુર)ની ગુમ થનાર યુવતી પરિવારજનો અને સગા સબંધી મોટી સંખ્યામાં એકઠા થયા હતા. જેને પગલે મોડાસા રૂરલ પોલીસ અને એલ.સી.બી. પણ ઘટના સ્થળે દોડી ગઈ હતી.


# પશ્ચિમ રેલવે દ્વારા સ્પેશીયલ પાર્સલ એક્ષપ્રેસ ટ્રેન દોડાવશે

વલસાડ બ્યુરો : અજીત પટેલ

કોરોના વાયરસની મહામારી વચ?ચે લોકોને અગડવતા ન પડે તે માટે પશ્ચિમ રેલવે દ્વારા સ?પેશીયલ પાર્સલ એક્ષપ્રેસ ટ્રેન દોડાવવાનું નક્કી કરાયું છે. આ ટ્રેનો પૈકી કરમબેલીથી તા.૨/૪/૨૦ના રોજ સાંજે ૬-૦૦ કલાકે ઉપડશે અને વલસાડ ખાતે સાંજે ૬-૩૦ કલાકે આવી પહોંચશે અને ચાંગસારી(આસામ) ખાતે તા.૬/૪/૨૦૨૦ના રોજ સવારે ૫-૦૦ કલાકે પહોંચશે. જ?યારે બાંદ્રા ટર્મીનસથી લુધીયાણા માટે એપ્રિલ માસની તા.૧, ૩, ૬, ૮, ૧૧ અને ૧૩ તારીખોએ રાત્રે ૮-૦૦ કલાકે ઉપડશે, જે ટ્રેન વાપી ખાતે રાત્રે ૧૧-૧૫ કલાકે આવશે અને બીજા દિવસે સવારે ૧૧-૩૦ કલાકે પહોંચશે. આ ટ્રેન લુધીયાણાથી રાત્રે ૧૧-૩૦ કલાકે એપ્રિલ માસની તારીખ ૩, ૫, ૮, ૧૦, ૧૩ અને ૧૫ તારીખોએ દોડશે, જે વાપી ખાતે બીજા દિવસે બપોરે ૨-૦૦ કલાકે આવી પહોંચશે અને સાંજે ૫-૩૦ કલાકે બાંદ્રા ટર્મિનસ ખાતે પહોંચશે. આ પાર્સલ સેવાનો સૌને લાભ લેવા માટે વલસાડ સબ ડિવિઝનના આસી. રીજીયોનલ મેનેજર અનુત?યાગી દ્વારા જણાવાયું છે.

### અમેરીકા-ટેક્ષાસ માં પણ

# 'જન સેવા એજ પ્રભુ સેવા " સુત્ર ને સાર્થક કરતા પ્રફુલ્લભાઈ ભુતા અને કૈલાસબેન ભુતા



અમેરીકાના ટેક્ષાસ સ્ટેટનાં ડલાસ શહેરના GSSP ગુજરાતી સિનીયર સમાજ પ્લાનો નાં સેવાભાવી સભ્ય શ્રી પ્રફુલ્લભાઈ ભુતા અને શ્રીમતિ કૈલાસબેન ભુતા હાલના સંજોગોની અગત્યતા સમજીને ડલાસ શહેરના પ્લાનો-એલન-ફ્રિસ્કો-મીકેની વગેરે પરા વિસ્તારમાં તેઓ સૌ એક નર્સીસ એસો.દ્વારા હેમાલી મહેતા,ગાયત્રી શસ્ત્રી તથા અન્ય ભાઈ બહેનો ની સક્રિય મદદ થી FACE MASKs બનાવે છે...

હેમાલીબેન તથા અન્ય વોલન્ટીયર્સ વગેરે પ્રફુલ્લભાઈ ના ઘેર કાપડ-ઈલાસ્ટીક-નાક પટ્ટી વગેરે આપી જાય છે અને પ્રફુલ્લભાઈ (૮૫ ) તથા કૈલાસબેન ભુતા MASK બનાવી આપે છે.

.. COV-19 ના લીધે હાલ સિનીયરો ને ઘરમાંજ રહેવાનું છે ત્યારે સમયનો સદઉપયોગ કરી ડોક્ટરો અને નર્સો તથા અન્ય સૌ માટે પ્રભુકૃપા થી ઉપયોગી સેવા આપી રહ્યા છે...તેઓ ને ધન્યવાદ.... ( માહિતી અને તસ્વિર સૌજન્ય;- સુભાસ શાહ ડલાસ )

# લાખો મા કાર્ડ ધારકોના હિતમાં રૂપાણી સરકાર મુદતમાં વધારો કરે..

ગુજરાત સહિત સમગ્ર દેશ સરકારની સાથે ખભે ખભા મિલાવીને કોરોના વાઈરસની સામે યોધ્ધાની જેમ લડી રહ્યાં છે. મોદી સરકારે કોરોના સામેની લડાઈમાં કોરોનાના હરાવવા ૨૧ દિવસનો જે લોકડાઉન જાહેર કર્યું છે તેમાં પણ લોકો સાથ સહકાર આપી રહ્યાં છે. લોકડાઉનને કારણે લોકોને પડતી કે પડનારી સમસ્યાઓને ધ્યાનમાં રાખીને સરકારે ૩ મહિના સુધી રાશન આપવાનું જાહેર કર્યું છે.માર્ચ મહિનો નાણાંકિય વર્ષનો છેલ્લે મહિનો હોય છે અને તે પૂરો થાય તે પહેલા આઈટી રિટર્ન સહિત જે સરકારી કામ નિપટાવવુ જોઈએ તેની મુદતમાં પણ સરકારે વધારો કરી આપ્યો છે.

રૂપાણી સરકારે જેલમાંથી કેટલાક કેદીઓને પણ કોરોનાથી બચાવવા પેરોલ પર છોડ્યા છે. તેની સાથે સાથે ૩૧ માર્ચના રોજ જે સરકારી સુવિધાઓની મુદત પૂરી થતી હોય તેમાં રાહતો આપી છે ત્યારે ગુજરાત સરકારે પણ ગરીબો અને જરૂરીયાતમંદ લોકો માટે આશિર્વાદ સમાન મા કાર્ડ કે મા અમૃતમ વાતસલ્ય આરોગ્ય કાર્ડની મુદતમાં વધારો કરી આપવાની લાગણી અને માંગણી જોવા મળી રહી છે.

ખાસ કરીને જેની કાર્ડની મુદત ૩ વર્ષની છે અને ૨૦૧૭માં લાભાર્થીઓને આપવામાં આવ્યાં છે અને ૩૧ માર્ચ ૨૦૨૦ના રોજ પૂરી થઈ ગઈ છે એવા ૩ વર્ષની મુદત વાળા કાર્ડધારકો કોઈ કારણોસર લોકડાઉનમાં કાર્ડ રિન્યૂ કરાવી સક્યા નથી તેમની કાર્ડમાં ૩ મહિનાનો વધારો કરવાની જાહેરાત થવી જોઈએ. રિન્યૂ માટે જરૂરી આવકનું પ્રમાણપત્ર કે જેની મુદત પણ ૩ વર્ષની માન્ય ગણાય છે તે આવકનું પ્રમાણપત્ર હાલમાં મેળવવુ શક્ય નથી ત્યારે જે આવક પ્રમાણપત્ર અગાઉ એટલે કે ધારો કે ૨૦૧૭માં જમા કરાવ્યું હોય તેની મુદત પણ વધારવી જોઈ. અને નવુ પ્રમાણપત્ર રજૂ કરે ત્યાંસુધી જુનુ ટલે કે ૨૦૧૭નું આવકપત્ર વધુ સમય સુધી માન્ય ગણાશે એવી પણ જાહેરાત થાય તો વર્તમાન સ્થિતિમાં નવુ પ્રમાણપત્ર મેળવવાની મુશ્કેલીમાં કાર્ડધારકોને રાહત મળી શકે.

મા કાર્ડ હજારો અને લાખો ગરીબો સહિત અન્યોને માટે પણ સંકટ સમયની સાંકળ સમાન છે. સરકારની સફળ યોજનાઓ પૈકીની એક યોજના મા કાર્ડ યોજના છે જેના આધારે કાર્ડધારકને સીવીલ કે ખાનગી હોસ્પિટલમાં પાંચ લાખ સુધીની સારવાર વિના મૂલ્યે ઉપલબ્ધ છે. લાખો કાર્ડધારકો માટે હિતકારી એવા મા કાર્ડ યોજનાની મુદત ૩૧ માર્ચના રોજ પૂરી થઈ ગઈ છે અને સમગ્ર વહીવટી તંત્ર કોરોનાને કારણે લોકડાઉનમાં બંધ છે ત્યારે કાર્ડ ધારકો તેને રિન્યૂ કરાવી શકે તેમ નથી. કેમ કે સરકારે લોકડાઉનમાં લોકોને ઘરોમાં જ રહેવાની સલાહ અને તાકીદ કરી છે.રાજ્ય સરકારે લાખો મા કાર્ડ યોજનાના એ લાભાર્થીઓ કે જેમને ૨૦૧૭માં કાર્ડ અપાયા છે તેમના હિતમાં તાત્કાલિક નિર્ણય કરીને તેની મુદતમાં વધારો કરવાની જાહેરાત કરવી જોઈએ.

# કેન્દ્ર સરકારે નિઝામુદ્દીન મરકજથી ગુજરાતમાં ૧૫૦૦ લોકો પ્રવેશ્યા હોવાની યાદી મોકલી

અમદાવાદ,તા.૧

દિલ્હીમાં તબલિગી જમાતના નિઝામુદ્દિન મરકઝ નામના ધાર્મિક પ્રસંગે ભારત સહિત વિવિધ ૧૫ દેશના હજારો લોકો ભેગા થયા હતાં. જેમાંથી ૧૦૩૩ લોકો વતન પહોંચી ચૂક્યા છે. જેમાંના ૨૪થી વધુ કોરોના સંક્રમણનો ભોગ બન્યાં છે અને ૯નાં મોત થઈ ગયા છે. આ ધાર્મિક પ્રસંગમાં ગુજરાતના અનેક લોકો ગયા હોવાની જાણ થતા હાહાકાર મચ્યો છે. હાલ કેન્દ્ર સરકારે નિઝામુદ્દીન મરકજમાં ગયેલા લોકોમાંથી ૧૫૦૦ લોકો ગુજરાતમાં પ્રવેશ્યા હોવાનો ઘટસ્ફોટ થતા અફડાતફરીનો માહોલ સર્જાયો છે.આ વિશે મળતી માહિતી પ્રમાણે, કોરોનાના કહેર વચ્ચે દિલ્હીમાં નિઝામુદ્દીન મરકજ નામના ધાર્મિક પ્રસંગમાંથી ગુજરાતમાં ૧૫૦૦ લોકો કોઈને ખબર પણ પડે નહીં તે રીતે ઘૂસ્યા હોવાનો ઘટસ્ફોટ થયો છે. સમગ્ર માહિતી સામે આવ્યા બાદ કેન્દ્ર સરકારે ગુજરાત સરકારને એક યાદી મોકલી છે જેમાં ગુજરાતમાં પ્રવેશેલા ૧૫૦૦ લોકોના નામ હોઈ શકે છે. કેન્દ્ર સરકારે આ માહિતીનો ઘટસ્ફોટ કરતા રાજ્ય સરકાર હરકતમાં આવી ગઈ હતી અને તેમને તાબડતોડ નિર્ણય લેતા તમામ જિલ્લા કલેક્ટરોને યાદીના આધારે ગેરકાયદેસર પ્રવેશેલા લોકોને શોધવા માટે આદેશ આપી દીધા છે.રાજ્ય સરકારે જે પણ જમાતમાં ગયા છે તેવા લોકોને શોધીને તમામના મેડિકલ ચેકઅપ ફરજિયાત કરવાનો આદેશ પણ આપી દેવામાં આવ્યો છે. આ સિવાય તેમના સંપર્કમાં આવેલા તમામનું સ્ક્રિનિંગ પણ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. હાલ તો અમદાવાદના ૩૦૦, સુરતના ૭૬, ભાવનગરના ૧૩ લોકો અંગે તપાસ ચાલું છે, આ સિવાય બોટાદના ૪, રાજકોટના ૧૨, મોરબીના ૩, વલસાડના ૫૦ અને જૂનાગઢમાં ૫ લોકોની શોધખોળ ચાલુ કરી દેવામાં આવી છે.રાજ્ય સરકારે નિઝામુદ્દિન મરકઝ નામના ધાર્મિક પ્રસંગમાં ગયેલા લોકોની શોધખોળ કરવા માટે રાજ્ય સરકારે ગુજરાત એટીએસ, અમદાવાદ ક્રાઈમ બ્રાંચ અને એસઓજીની ટીમો કાર્યરત કરીને તેમને શોધવાની જવાબદારી સોંપવામાં આવી છે. આ કાર્યમાં હવે આરોગ્ય વિભાગ અને વહીવટી તંત્ર પણ કામગીરીમાં જોતરાયું છે.અત્રે ઉલ્લેખનીય છે કે, દિલ્હીમાં તબ્લિક જમાતના પ્રોગ્રામમાં અમદાવાદના ૨૯ લોકો ગયા હતા. તમામ લોકોની પોલીસે ઓળખ કરી લીધી છે અને તેમને હોમ ક્વોરન્ટીનમાં રાખવામાં આવ્યા છે.

### તબલીગી જમાત સંમેલન મામલો

# અરવલ્લી જિલ્લાવાસીઓ માટે હાશકારો દિલ્હીમાં જમાતમાં જીલ્લાના એકપણ જમાતી સામેલ નહિ..!!

અરવલ્લી બ્યુરો મોડાસા તબલીગી જમાત ફરી એક વખત ચર્ચાનો વિષય બન્યા છે. તાજેતરમાં મરકજમાં હજારો લોકો એકત્ર થવાના કારણે તબગીલી જમાત અત્યારે ચર્ચાનો વિષય બની ગયા છે. દિલ્હીના તબલીગી જમાત કાર્યક્રમમાં કોરોના વાયરસનાં સંક્રમણનો સૌથી મોટો કેસ સામે આવતાં ખળભળાટ મચી જવા પામ્યો છે. આ જમાતમાં વિદેશીઓ સહીત દેશનાં ૧૧ રાજયોના લોકો સામેલ થયા હોવાનું સામે આવ્યું છે. જેમાં ગુજરાતનાં પણ અમુક લોકો દિલ્હી ગયા હોવાની માહિતી મળતા રાજય પોલીસ વડા શિવાનંદ ઝાએ તપાસના આદેશ ક્રાઈમબ્રાન્ચને આપી દીધા છે મોડાસા શહેર સહીત અરવલ્લી જીલ્લામાં તબલીગી જમાત સાથે અનેક લઘુમતીઓ જોડાયેલા છે ત્યારે અરવલ્લી જીલ્લાના પ્રજાજનોમાં પણ ફફડાટ ફેલાયો છે અરવલ્લી જીલ્લા વહીવટી તંત્ર અને પોલીસતંત્રએ આ અંગે સર્વે અને તપાસનો ધમધમાટ શરુ કર્યો છે

આ અંગે જીલ્લા કલેક્ટર અમૃતેશ ઔરંગાબાદકરે જણાવ્યું હતું કે દિલ્હીનાં નિઝામુદીનમાં ૧૩ માર્ચથી ૧૫મી માર્ચ સુધી થયેલી તબલીગી જમાતની ધાર્મિક સભામાં મોડાસા શહેર સહીત અરવલ્લી જીલ્લાનો કોઈ પણ વ્યક્તિ સામેલ થયો નથી સરકાર તરફથી આપવામાં આવેલ તબલીગી જમાતની સભામાં સામેલ થયેલ લિસ્ટ માં મોડાસા શહેર સહીત કોઈ પણ વ્યક્તિની નામ નથી તેમ છતાં તકેદારીના ભાગરૂપે સર્વેની કામગીરી હાથધરી તપાસ કરવામાં આવી રહી છે દિલ્હી તબલીગી જમાતમાં ગયેલા લોકોના સંપર્કમાં પણ કોઈ આવ્યું હોય તો તેની પણ તપાસ હાથધરવામાં આવી હોવાનું જણાવી જો કોઈ વ્યક્તિને ધ્યાનમાં આવું કઈ હોય તો ધ્યાન દોરવા આહવાન કર્યું હતું હાલ તો, દિલ્હીનાં નિઝામુદીનમાં ૧૩ માર્ચથી ૧૫મી માર્ચ સુધી થયેલી તબલીગી જમાતની ધાર્મિક સભામાં મોડાસા શહેર સહીત અરવલ્લી જીલ્લાનો કોઈ પણ વ્યક્તિ સામેલ થયો ન હોવાથી વહીવટી તંત્ર,પોલીસતંત્ર અને જિલ્લાવાસીઓએ રાહતનો શ્વાસ લીધો છે

### BPL કાર્ડ અને અંત્યોદય યોજના કાર્ડ ધારકોને માલ આપવામાં વિસંગતતા

# સરકાર દ્વારા વિતરણ માટે કોઈપણ પ્રકારની ગાઈડલાઈન જાહેર કરવામાં નથી આવી તે જાહેર કરે – કોંગ્રેસ



રાજકોટ શહેર કોંગ્રેસ પ્રમુખ શ્રી અશોકભાઈ ડાંગર અને રાજકોટ મહાનગરપાલિકાના વિરોધપક્ષના નેતા વશરામભાઈ સાગઠીયાની સંયુક્ત અખબારી યાદી જણાવે છે કે આજરોજ તા.૦૧/૦૪/૨૦૨૦થી ગુજરાતના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી દ્વારા છેલ્લા ૧૦-૧૨ દિવસથી જાહેરાત કરેલ છે કે ગુજરાતમાં તમામ કાર્ડ ધારકોને વિનામુલ્યે રાશન આપવામાં આવશે એ ગુજરાતના તમામ મીડિયાના માધ્યમથી જાહેરાત કરવામાં આવેલ છે તેમજ સરકારે આજરોજ તા.૦૧/૦૪/૨૦૨૦થી રાશન વિતરણ કરવામાં આવશે ગરીબ અને નાના માણસોએ તેની રાહ આજદિન સુધી જોઈ છે ત્યારે તે લોકો આજે સવારે પોતાનો મળવાપાત્ર વિતરણ રાશન લેવા જાય છે ત્યારે લોકોના ટોળેટોળાં રેશનીગની દુકાને ટોળેટોળાં વળ્યા હતા તેમજ રાજકોટ શહેરમાં પછાત વિસ્તારમાં જે કોંગ્રેસના કોર્પોરેટરો છે તેઓના ઘરે સવારના ૮:૦૦ વાગ્યા થી અત્યાર સુધી ટોળાઓ ચાલુ જ છે તમામ લોકોની એવી રજૂઆત છે કે અમને રાશનમાં કાઈ મળતું નથી અમુક BPL કાર્ડ ધારકોને ફક્ત ૧ કિલો ખાંડ મળી છે તો અમુકને ૧ કિલો ચોખા અને ૧ કિલો ઘઉં લઈ મોકલી દીધા છે અને કોઈક ને તો ફક્ત દાળ મળી છે તો આવી વિસંગતતા વાળી આખા રાજકોટમાં પરિસ્થિતિનું નિર્માણ થયેલ છે કોંગ્રેસ પક્ષની માંગણી છે કે કાર્ડ ધારકને સરકારે જાહેર કર્યા મુજબની દરેક વસ્તુઓ મળવી જોઈએ અમુક દુકાનદારો કાર્ડ ધારકોને કહે છે કે મામલતદાર માં સિક્કો મરાવવા જાવ તો જ વસ્તુઓ મળશે નહીતર વસ્તુઓ મળશે નહિ એક તરફ સરકારે લોકડાઉન જાહેર કરેલ છે તો લોકો સીકા મરાવવા ક્યાં જાય આવું થવું જોઈએ નહી તેમજ નહી કે એક ને ફક્ત ખાંડ કે માત્ર ઘઉં,ચોખા તો આ લોકો ખાશે શું ? તેવો સવાલ પણ કર્યો છે તેમજ સરકારે જાહેર કર્યા મુજબનો પુરવઠો આ કાર્ડ ધારકોને મળવો જ જોઈએ જયારે ગુજરાતના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી જ રાજકોટ શહેરના છે એ જ શહેરના લોકોને આ જીવન જરૂરી વસ્તુઓ મળવામાં જ જો સરકારની વિસંગતતા હોય ત્યારે ગરીબોની જઠર ઠારવાને બદલે સરકારે રાજકોટની પ્રજાને ભુખેથી ટળવળતા કર્યા છે જયારે ગરીબના ઘરમાં ચૂલો સળગતો નથી ત્યારે રાજકોટ શહેરમાં નાની-મોટી સેવાભાવી સંસ્થાઓ દ્વારા લોકોને થોડું-ઘણું ખાવાનું પહોંચાડતા હોય છે ત્યારે કોંગ્રેસ પક્ષની માંગણી છે કે આ BPL કાર્ડ અને અંત્યોદય યોજના કાર્ડ ધારકોને પૂરતું રાશન આપે.એક અંદાજ મુજબ ૧ દુકાનમાંથી રોજના ૧૦૦ લોકોને વિતરણ કરવાની કેપેસીટી હોય ત્યારે દુકાનોમાંથી ૪૫,૧૬૭ કાર્ડ માં વિતરણ કરતા કેટલી વાર લાગે તેવો ટોણો પણ મારતા અંતમાં શહેર કોંગ્રેસ પ્રમુખ અશોકભાઈ ડાંગર અને મનપાના વિપક્ષીનેતા વશરામભાઈ સાગઠીયાએ જણાવ્યું છે

### બાયડના ધારાસભ્ય જશુભાઈ પટેલનો મુખ્યમંત્રીને પત્ર


# લોકડાઉનની અમલવારી માટે સસ્પેન્ડેડ પોલીસને ફરજ સોંપવામાં આવેની રજુઆત

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મોડાસા

કોરોનનો અજગરી ભરડો દેશના નાગરિકોને ધીરે ધીરે લપેટ માં લઈ રહ્યો છે ગુજરાતમાં દિવસે ને દિવસે કોરોના પોઝિટિવનાં કેસો વધી રહ્યા છે. અને હવે સ્થાનિક સ્તરે પણ કોરોનાનું સંક્રમણ ફેલાઈ રહ્યું છે. દેશને કોરોનાની મહામારી થી બચાવવા ૨૧ દિવસનું લોકડાઉન ચાલી રહ્યું છે તેમ છતાં કેટલાક લોકો લોકડાઉનનો ભંગ કરી રહ્યા છે પોલીસતંત્ર લોકોડાઉનની અમલવારી માટે સતત પ્રયત્નશીલ છે હાલ પોલીસતંત્રમાં કર્મચારીઓની ઘટ હોવાથી રાજ્ય પોલીસતંત્ર તરફથી ગૃહ વિભાગ પાસે વનવિભાગ અને એસીટી માં ફરજ બજાવતા કર્મચારીઓ પાસેથી બંદોબસ્ત માટે મદદરૂપ થવા મંજૂરી મેળવવા પત્ર વહેવાર થયો હોવાનું બાયડના ધારાસભ્ય જશુભાઈ પટેલને થતા તેમને મુખ્યમંત્રી વિજય રૂપાણીને પત્ર લખી હાલ ફરજ મોકૂફ કરાયેલા પોલીસ અધિકારીઓ અને કર્મીઓને ફરજ સોંપવામાં આવેની રજુઆત કરી હતીબાયડના ધારાસભ્ય જશુભાઈ પટેલે મુખ્યમંત્રી વિજય રૂપાણીને પત્ર લખી જણાવ્યું છે કે કોરોના મહામારીથી દેશને બચાવવા કેન્દ્ર સરકારે ૨૧ દિવસનું લોકડાઉન જાહેર કર્યું છે લોકડાઉનની અસરકારક અમલવારી માટે રાજ્ય પોલીસતંત્ર માં ફરજ બજાવતા અધિકારીઓ અને કર્મચારીઓ ૨૪ કલાક ખડેપગે લોકડાઉનની અમલવારી માટે પ્રયત્નશીલ છે રાજ્ય પોલીસવડા એ પોલીસ મહેકમ ઓછી હોવાથી ગૃહવિભાગ પાસે વન અને એસટી કર્મીઓને બંદોબસ્ત માટે ઉપયોગ કરવા અરજી કરવામાં આવી હોવાની જાણ થતા પોલીસતંત્રમાં ફરજ બજાવતા મોટી સંખ્યામાં અધિકારીઓ અને કર્મચારીઓ ફરજ મોકૂફ છે અને રાજ્ય સરકાર સસ્પેન્ડેડ અધિકારીઓ અને કર્મચારીઓને ૫૦ થી ૭૫ ટકા પગાર પણ ચુકવવામાં આવે છે તેમની પાસે કામગીરી લેવામાં આવતી ન હોવાથી હાલ પૂરતું સસ્પેન્ડેડ કર્મચારીઓ ગુણદોષનું મૂલ્યાંકન નજર અંદાજ કરી તેમને ફરજ સોંપવામાં આવેની માંગ કરી છે રાજ્ય પોલીસતંત્રમાં ફરજ બજાવતા અધિકારીઓ અને કર્મચારીઓને ફરજ મોકૂફી હેઠળ રહેલા અધિકારીઓ અને કર્મચારીઓને ધારાધોરણ મુજબ પગાર ચુકવવામાં આવી રહ્યો છે જે બિન ઉત્પાદક હોવાથી રાજ્ય સરકારની તિજોરી ઉપર બિનજરૂરી આર્થિક બોજ નાખવામાં આવતા ખુબજ દુઃખદ હોવાનું જણાવી વનવિભાગ અને એસટી તંત્રના કર્મચારીઓ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવવા બિન કુશળ હોઈ સસ્પેન્ડેડ પોલીસકર્મીઓની સેવા લઈ લોકડાઉનની અસરકારક અમલવારી માટે ઉપયોગ લેવો જોઈએની માંગ કરી હતી



કોરોના વાયરસના કારણે દેશભરની અનેક જેલોમાં કેદીઓને છોડી મુકવાની કવાયત ચાલી રહી છે ત્યારે અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં આવેલ સબજેલ માંથી ૭ વર્ષથી નીચેની કેદની સજા પામેલ ૭ કેદીઓને વચગાળાના જામીન આપી મુક્ત કર્યા હતા સબજેલ પ્રશાસન તંત્રએ ૭ કેદીઓને જેલમાંથી મુક્ત કરતા પહેલા તબીબી પરીક્ષણ કરવામાં આવ્યું હતું અને ૭ કેદીઓને મેડિકલ પ્રમાણપત્ર આપી વચગાળા માટે મુક્ત કરવામાં આવતા મુક્ત થયેલા કેદીઓ અને પરિવારજનોમાં આનંદ છવાયો હતો



સ્વ.સંજય ચંદ્રકાંતભાઈ દવે.રહે. યુ.૬ સ્વસ્તિક એપાર્ટમેન્ટ.એકતા ટાવર સામે.વાસણા બેરેજ રોડ.અમદાવાદ યુજીવીસીએલ ના કર્મચારી ચાલુ નોકરી ૩૧/૩/૨૦૨૦ મંગળવાર ના રોજ અવસાન પામ્યા છે.હાલના સંજોગો માં તેમનું ટેલીફોનીક બેસણું રાખેલ છે.ચંદ્રકાંતભાઈ દવે (પિતાશ્રી ૯૦૯૯૦૪૪૬૫૨)

# રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા સમગ્ર શહેરમાં માસ્ક વિતરણ કામગીરી શરૂ:અશોક ડાંગર



રાજકોટ શહેર કોંગ્રેસના પ્રમુખ શ્રી અશોકભાઈ ડાંગર અને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ અગ્રણી શ્રી મહેશ રાજપુત ની સંયુક્ત અખબારી યાદી જણાવે છે કે હાલ સમગ્ર વિશ્વમાં કોરોના મહામારી જાહેર થયેલ હોય ભારત દેશમાં અને ગુજરાતમાં બીજા ત્રીજા તબક્કામાં પરિસ્થિતિ હોય અને વાઈરસ નો ચેપ વધુ ફેલાય નહી તે માટે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના આદરણીય પ્રમુખ શ્રી અમિતભાઈ ચાવડા ના માર્ગદર્શન હેઠળ સમગ્ર ગુજરાતમાં માસ્ક વિતરણ ની કામગીરી શરૂ થયેલ છે જેમાં સમગ્ર રાજકોટ શહેરમાં વોર્ડ વાઈઝ માસ્ક પુરા પાડવામાં આવેલ છે રાજકોટ શહેર કોંગ્રેસના પ્રમુખ અશોકભાઈ ડાંગર અને ગુજરાત કોંગ્રેસના અગ્રણી મહેશભાઈ રાજપુત દ્વારા શહેરમાં તમામ વોર્ડમાં માસ્ક મળી રહે તેવી વ્યવસ્થા કરવામાં આવેલ છે તેમજ શહેર માં કોરોના સામે રક્ષણ માટે વોર્ડ વાઈઝ વોર્ડ પ્રમુખશ્રીઓ દ્વારા માસ્ક વિતરણ ની કામગીરી શરૂ કરવામાં આવેલ છે.વધુમાં શ્રી અશોકભાઈ ડાંગરે જણાવ્યું છે કે ગુજરાતમાં હાલ કોરોના બીજા ત્રીજા તબક્કામાં હોય ત્યારે લોકોએ લોકડાઉનનું પાલન કરવુ બિનજરૂરી બહાર જવાનું ટાળવું અને ચાર વ્યક્તિ થી વધારે જાહેરમાં ભેગું ન થવું તેવી સરકારની સુચનાનો સંપૂર્ણપણે પાલન કરવા અને સાવચેતી રાખવા રાજકોટ શહેર કોંગ્રેસ પ્રમુખ શ્રી અશોકભાઈ ડાંગરે અપીલ કરેલ છે.(મહેશ રાજપુત)

# સુરત લાજપોર જેલ ખાતે રહેલ કાચા કામના કેદીઓ પૈકી કુલ ૧૦૧ કેદીઓને ટેમ્પરરી બેઈલ પર છોડવામાં આવ્યા

હાલમાં ચાલી રહેલા કોરોના વાયરસ ની મહામારી ને લીધે નામદાર હાઈ કોર્ટના માર્ગદર્શન મુજબ ડિસ્ટ્રીક્ટ કોર્ટ, સુરત તથા જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ, સુરત ના સંયુક્ત ઉપક્રમે તારીખ ૩૦.૦૩.૨૦૨૦ ના રોજ સુરત લાજપોર જેલ ખાતે રહેલ કાચા કામના કેદીઓ પૈકી કુલ ૧૦૧ કેદીઓને ટેમ્પરરી બેઈલ પર છોડવામાં આવેલ છે.

ઉપરાંત લાજપોર જેલ પ્રશાસન દ્વારા એન.જી.ઓ. કરુણા ટ્રસ્ટ (ઉમરા જૈન સંઘ) ના સહકાર થકી આવા ટેમ્પરરી બેઈલ પર છૂટેલા કેદીઓને રાશન ની કીટ આપવામાં આવેલી અને સદરહુ કેદીઓને તેઓના ઘર સુધી પહોંચાડવામાં આવ્યા હતાં. હંગામી જામીન અરજીઓ ની સુનાવણી સિનિયર સિવિલ જજ શ્રી ઠાકોર સાહેબ દ્વારા લાજપોર જેલ ખાતે હાથ ધરવામાં આવેલ હતી અને જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ ના પેનલ વકીલ શ્રીમતી શોભનાબેન છાપ્યા તથા શ્રી કલ્પેશ કે. લાઠીયા એ હાજર રહી કાનૂની સેવા પૂરી પાડેલ હતી.

# મહાકાલી કોર્પોરેશનના બાબુલાલ રાજુપરોહિત દ્વારા ૨૨ લાખનું માતબર દાન



મોટી ઈસરોલ, તા.૧

અરવલ્લી-સાબરકાંઠાના અન્નદાતા એવા કોઈપણ સાર્વજનિક સેવાઓ અને વિપત્તિ ટાણે અગ્રેસર રહેતા એવા સમગ્ર રાજપુરોહિત સમાજ ના ભામાશા .શ્રી બાબુભાઈ સોનાજી રાજપુરોહિત(શ્રી મહાકાલી કોર્પોરેશન અને મહામંત્રી, ખેતેશ્વર બ્રહ્મ ધામ,આસોતરા. ) દ્વારા કોરોના વાઈરસની બીમારીમાં ગરીબોને પૂરતી સહાય કરવા માટે સરકારને ૨૨,૦૦,૦૦૦/- નું માતબર દાણા ચેકો અર્પણ કરવામાં આવ્યા હતા.

જેમાં ૧૧,૦૦,૦૦૦/- પ્રધાનમંત્રી રાહત ફંડમાં અને ૧૧,૦૦,૦૦૦/- ગુજરાતના મુખ્યમંત્રી રાહત ફંડમાં આપવામાં આવ્યા છે આ સમયે તેમના ત્રણેય સુપુત્રો ચિતનભાઈ પુરોહિત, હિંમતનગર નગર પાલિકા બાંધકામ સમિતિનાં ચેરમેન અમૃતભાઈ અને ભાવેશભાઈ પણ ઉપસ્થિત રહ્યા હતા.

# પાલનપુર તાલુકામાં આવેલ ભુતેડી ગામમાં સેનેટાઈઝેશનની કામગીરી કરવામાં આવી



પાલનપુર તાલુકામાં આવેલ ભુતેડી ગામ માં સેનેટાઈઝેશન ની કામગીરી કરવામાં આવી. ભુતેડી ગામ પંચાયતના માર્ગદર્શન હેઠળ કોરોના વાયરસ ગામમાં પ્રવેશી ના શકે તે માટે આખા ગામને વિવિધ જગ્યાએ દવા સાથે સેનેટાઈઝેશન કરવામાં આવ્યું

ભારત મા વધતા કોરોના કારણે ચારો દિશામાં હાહાકાર મચી ગયો છે ત્યારે માન્ય વડાપ્રધાન શ્રી ના આહવાન થી સમગ્ર દેશમાં ૨૧ દિવસનો લોક ડાઉન ના આદેશ કરવામાં આવ્યો છે ત્યારે ભારત બીજા સ્ટેજ પર કોરાના હોવાથી બહારથી આવેલ વ્યક્તિ કે લોકો ને કોરોટાઈન મા રાખવા સરકાર દ્વારા અપીલ કરવામાં આવી છે ત્યારે ભુતેડી ગામમાં આવેલ બહારના લોકોને કોરોટાઈન રાખવામાં આવ્યા હોય જ્યાં સુધી કોરોના ની અસર માંથી ભારત દેશ બહાર ના આવે ત્યાં સુધી ભુતેડી ની જનતા ની સુખાકારી માટે તેમજ આરોગ્ય જોખમાય નહીં તે માટે સરાહનીય કામગીરી નરેશભાઈ દેસાઈ ના સહયોગથી કરવામાં આવી હતી.

ભુતેડી ગામ પંચાયતના ઉત્સાહી સરપંચ રમેશભાઈ રાતડા ના માર્ગદર્શન હેઠળ તથા અંબિકા યુવક મંડળના યુવાનો દ્વારા સેનેટાઈઝેશન સુંદર કામગીરી કરવામાં આવી હતી. ભુતેડી ગામ ના સરપંચ રમેશભાઈ જણાવ્યું કે ગ્રામજનોને જરૂરી કામ વગર બહાર નીકળવા નહિ અને સરકારના નિયમોનું ચુસ્ત પાલન કરવા અનુરોધ કર્યો હતો. અહેવાલ જયેશભાઈ મોદી પાલનપુર

# વલસાડ જિલ્લામાં ૧૭૩ વ્યકતિઓ હોમકોરેન્ટાઇન હેઠળ

વલસાડ બ્યુરો : અજીત પટેલ

આજની સ?થિતિએ વલસાડ જિલ્લામાં ૧૭૧ વ્યકતિઓને હોમકોરેન?ટાઇન અને બે સરકારી ફેસીલીટીમાં કોરેન્ટાઇન મળી કુલ ૧૭૩ વ્યકતિઓ હોમકોરેન?ટાઇનમાં છે. હાઉસ ટુ હાઉસ સર્વેમાં ૧૭,૯૪,૮૫૯ (૯૮.૫૬ ટકા) વ્યકતિઓનો સર્વે કરવામાં આવ?યો છે. જેમાં ૩૪ શંકાસ્પદ વ્યકતિઓની તપાસ કરાતાં તમામના રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. કોરોના વાયરસના સંક્રમણના શંકાસ્પદ કેસો જે દિલ્હીની હોટસ્પોટ દ્વારા અલગ તારવવામાં આવ્યા છે. તે પૈકી જેમના સરનામાં વલસાડ જિલ્લામાં મળ?યા છે, તેવા ૩૯ વ્યકતિઓમાંથી ૧૯ વ્યકતિઓને હોમકોરેન્ટાઇન કરવામાં આવ્યા છે. વધુ ચકાસણી કરતાં બાકીના ૨૦ જેટલા વ્યકતિમાંથી એક વ્યકતિ જિલ્લા બહાર અને ૧૯ વ્યકતિઓ રા?ય બહારના જણાયા છે.

વલસાડ જિલ્લા તંત્ર દ્વારા રોગચાળો વધવાની સંભવિત સ્થિતિને પહોંચી વળવા આગોતરી વ્યવસ્થા પણ ગોઠવવવામાં આવી છે. જે પૈકી વલસાડ જિલ્લાની જી.એમ.ઇ.આર.એસ. મેડીકલ કૉલેજ અને હોસપિટલ, વલસાડ ખાતે આઇસોલેશન બેડની સંખ?યા વધારીને ૧૦૦ અને આઇ.સી.યુ. બેડની સંખ્યા ૧૮ કરવામાં આવી છે. આ ઉપરાંત ઇ.એસ.આઇ.સી. હોસપિટલ વાપી ખાતે ૭૫ આઇસોલેશન બેડ, વેવ હોસ?પિટલ મોતીવાડા-પારડી ખાતે ૩૦ આઇસોલેશન બેડ અને શ્રીસાંઇનાથ હોસ?પિટલ ધરમપુર ખાતે ૩૦ આઇસોલેશન બેડની વ?યવસ?થા અગમચેતીના ભાગરૂપે કરવામાં આવી છે. વલસાડ જિલ્લામાં આજદિન સુધી કોવિદ-૧૯નો એકપણ પોઝીટીવ કેસ જોવા મળ્યો નથી.

**ન્યુઝ ઓફ ગાંધીનગર દૈનિક પારિવારિક ઊર્મિ ફાઉન્ડેશન દ્વારા જાહેર જનતાને અપીલ કરવામાં આવે છે કે અમારા સહયોગીઓ દ્વારા રોજ ૨૫૦ થી ૨૭૫ ફૂડ પેકેટ તેમજ કરિયાણા ની કીટ નું જરૂરિયાતમંદ લોકો માં વિતરણ જુદા જુદા વિસ્તારમાં કરવામાં આવે છે.આ પ્રવૃત્તિ છેલ્લા ચાર દિવસ થી અવિરત ચલી રહી છે.આપ પણ આપનો સહયોગ એક કીટ ના ૭૦૦ રૂપિયા કે ૯૦૦ રૂપિયા.નાની મોટી કીટ પ્રમાણે અમારા અખબાર ના મેમનગર.વાસણા.શાહપુર હલીમ ની ખડકી.ગોઝારીયા પોળ કકે ગાંધીનગર મુખ્ય કાર્યાલય ખાતે સંપર્ક કરીને કરી શકો છે.**

**તંત્રી : પ્રદીપ રાવલ.(૯૮૨૪૬૫૩૦૭૩)**

**સહતંત્રી નિલેશ રાવલ.અમદાવાદ**

**(૯૮૨૫૩૬૨૭૫૮)(૯૮૨૪૦૯૬૨૫૦ બકુલ રાવલ)**

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.